
Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

વર્ષ દસમું અંક પહેલો, સં. ૨૦૦૯, કારતક ( વાર્ષિક લવાજમ ૩-૦-૦ )




## જૈનશાસનમાં પ્રથમ કર્તવ્ય

અહો ! જ્ઞાનપ્રકાશી ભગવાનઆત્માનો નિર્ણય કર્યા વગર જીવને કદી ધર્મ થાય નહિ; જીવે અનંતકાળમાં બધું કર્યું પણ 'હું પોતે જ્ઞાનસ્વભાવી છું' એમ પોતાના સ્વભાવનો નિર્ણય કદી કર્યો નથી. સ્વસન્મુખ થઈને 'હું જ્ઞાન છું' એવો નિર્ણય કરવો તે અનંતકાળે નહિ કરેલ અપૂર્વ ચીજ છે. 'હું જ્ઞાન છું' એમ અંતરમાં જ્ઞાનવસ્તુનો નિર્ણય અને અનુભવ કરવો તે આખા જૈનશાસનનો સાર છે. કોઈ પૂછે કે પહેલાં અમારે શું કરવું ? –તો જ્ઞાની કહે છે કે 'હું જ્ઞાનસ્વરૂપ છું'–એવો અંતરમાં નિર્ણય કરીને તેનો અનુભવ કરવો. –આ જ જૈનશાસનમાં દરેક જીવનું પ્રથમ કર્તવ્ય છે.

–પ્રવચનમાંથી



# દસમા વર્ષમાં પ્રવેશ પ્રસંગે....

આ અંકની સાથે સાથે આપણું ‘આત્મધર્મ’ માસિક નવ વર્ષ પૂરાં કરીને દસમા વર્ષમાં પ્રવેશ કરે છે. મુમુક્ષુ સમાજમાં ‘આત્મધર્મ’નું જે કાંઈ ગૌરવભર્યું સ્થાન છે તે પરમ કૃપાળુ પૂ. ગુરુદેવશ્રીની અપૂર્વ વાણીના પ્રતાપે જ છે. પૂ. ગુરુદેવશ્રીના પવિત્ર ઉપદેશમાંથી ઝીલેલું આધ્યાત્મિક સાહિત્ય આ માસિકમાં પીરસવામાં આવે છે. આ પત્ર દ્વારા પ્રકાશિત થતી પૂ. ગુરુદેવશ્રીની અનુભવવાણી મુમુક્ષુઓને નિઃશંકપણે મુક્તિમાર્ગ દેખાડે છે. ગલીચ આક્ષેપો કે વેરઝેરભર્યા પ્રચારથી તે સદાય દૂર ને દૂર જ રહે છે. પૂ. ગુરુદેવશ્રીના કલ્યાણકારી તત્ત્વ સંદેશને જિજ્ઞાસુઓ પાસે પહોંચાડવો એ જ આ પત્રનો ઉદ્દેશ છે.

સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર, સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર, દ્રવ્ય–ગુણ–પર્યાય, છ દ્રવ્યો, નવતત્ત્વો, સર્વજ્ઞનો નિર્ણય, દરેક વસ્તુની સ્વતંત્ર ક્રમબદ્ધ પર્યાય, ઉપાદાન–નિમિત્ત, નિશ્ચય–વ્યવહાર, જડ–ચેતનની ભિન્ન ભિન્ન ક્રિયા, એકાન્ત અને અનેકાન્ત, ધર્મ કઈ રીતે થાય ને અધર્મ કેમ થાય–ઇત્યાદિ ખાસ ખાસ મહત્ત્વની બાબતો, કે જેની સમજણ જિજ્ઞાસુ જીવોને અતિશય જરૂરની છે, તેનો ખૂબ જ સ્પષ્ટ, સચોટ અને સરળ ખુલાસો પૂ. ગુરુદેવશ્રીનાં પ્રવચનોમાંથી ઝીલીને આ પત્રમાં આવે છે.

જોકે ધર્મના નામે જગતમાં અનેક ધતિંગો ચાલે છે. ધર્મના નામે, ત્યાગના નામે, વેષને નામે, વિદ્વત્તાના નામે, ઉપદેશકના નામે, દેશસેવાના નામે–એમ અનેક પ્રકારે જાુઠ્ઠી માન્તાઓ અને દંભ પોષાય છે–એ જાણીતી વાત છે; તોપણ સત્યધર્મનો સર્વથા લોપ થઈ ગયો નથી; આત્માર્થી જીવોના સદ્ભાગ્યથી આજે સનાતન પરમસત્ય દિગંબર જૈનધર્મનો પ્રવાહ આ દેશમાં વહી રહ્યો છે ને પોતાની સુમધુર વીતરાગી અમૃતધારાથી અનેક જીવોને તે પાવન કરી રહ્યો છે. જેઓ સંસારથી સંતપ્ત થઈને મુક્તિના અભિલાષી થયા હોય એવા જીવોને પૂ. ગુરુદેવશ્રીના સત્સમાગમમાં તેઓશ્રીની સાક્ષાત્ ઉપદેશામૃતધારાનો લાભ લેવા માટેનું અમારું વાત્સલ્યભર્યું આમંત્રણ છે.

જિજ્ઞાસુ જીવોના હિતને માટે અમને એક વાતનો ઉલ્લેખ કરવો જરૂરી લાગે છે કે, અત્યારે જૈનસમાજના કેટલાક ત્યાગી વર્ગમાં અધ્યાત્મની સોનગઢ જેવી વાતોને નામે લોકોને ભોળવીને પોતાના માનાદિ કષાયોને પોષવાની પ્રવૃત્તિ ખૂબ ચાલી રહી છે, અને તે માટે તે દંભી ત્યાગીઓ ‘આત્મધર્મ’ તથા સોનગઢથી પ્રસિદ્ધ થયેલું સાહિત્ય વાંચીને તેમાંથી પૂ. ગુરુદેવશ્રીની વાણીની ચોરી કરીને તે વાત પોતાના નામે અગર પોતાના માનેલા શાસ્ત્રોના નામે ચડાવે છે, અને કેટલાક તો સ્પષ્ટપણે અહીંના સાહિત્યમાંથી ઉતારા કરીને તે વાત પોતાના નામે ચડાવે છે. અહીં એવા લોકોને તો અમારે કાંઈ કહેવાનું નથી, પરંતુ સમાજના મુમુક્ષુ જીવો અધ્યાત્મના લોભે તેવા ઉપદેશકોથી ન છેતરાય તે માટે તેઓએ ખૂબ જ સાવધાનીપૂર્વક પરીક્ષા કરવાની જરૂર છે. જેના માનેલા દેવ–ગુરુ–શાસ્ત્ર જ ખોટા હોય તેની પાસે અધ્યાત્મની સાચી વાત હોય જ ક્યાંથી ?

જે જિજ્ઞાસુ જીવો ભક્તિપૂર્વક પૂ. ગુરુદેવશ્રીના પ્રવચનના શ્રવણનો અને વાંચનનો લાભ લઈ જ રહ્યા છે તેમના પ્રત્યે એટલું જ કહેવાનું છે કે માત્ર શ્રવણ અને વાંચનથી જ મુમુક્ષુનું કર્તવ્ય પૂરું થઈ જતું નથી પણ તેથી આગળ વધીને, સત્પુરુષની જે વાણીનું શ્રવણ અને વાંચન કર્યું તેનો અંતરમાં વિચાર, મંથન, નિર્ણય અને પરિણમન કરીને અપૂર્વ આત્મદશા પ્રગટ કરવી તે મુમુક્ષુનું ધ્યેય છે અને શ્રી સત્પુરુષોની પણ એ જ આજ્ઞા છે. મુમુક્ષુજીવો તે ધ્યેયને પહોંચી વળવાનો પરમ પ્રયત્ન અહર્નિશ કરો અને શીઘ્ર તે ધ્યેયને પ્રાપ્ત કરો...

–એ ધ્યેયને પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુ જીવોને જેઓ પરમ શરણભૂત અને મહા ઉપકારી છે એવા શ્રી જ્ઞાની સંતોના ચરણોમાં અત્યંત ભક્તિપૂર્વક નમસ્કાર હો !

* * * * *

## જૈન તિથિ-દર્પણ

વીર સંવત ૨૪૭૯ના નવા વરસના જૈન તિથિ–દર્પણની જેમને જરૂર હોય તેમણે નીચેના સરનામે પત્ર લખી મંગાવી લેવું–

–શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ સોનગઢ ( સૌરાષ્ટ્ર )

* * * * *

## વિષયોમાંથી સુખબુદ્ધિ – ખ...રે...ખ...ર

# ક્યારે છૂટી કહેવાય ?

**સ્વભાવદૃષ્ટિનું ફળ પૂર્ણાનંદની પ્રાપ્તિ છે અને નિમિત્તાધીન દૃષ્ટિનું ફળ અનંત-સંસાર-પરિભ્રમણ છે. હે જીવો ! તે અનંત-સંસાર-પરિભ્રમણથી બચવા અને પૂર્ણાનંદને પ્રાપ્ત કરવા નિમિત્તાધીન દૃષ્ટિ છોડો અને નિજસ્વભાવની દૃષ્ટિ પ્રગટ કરો–આમ શ્રી જ્ઞાનીઓનો ઉપદેશ છે.**

આત્માનો સ્વભાવ જ્ઞાન અને સુખથી ભરેલો છે, તેના જ અવલંબનથી જ્ઞાન અને સુખ ખીલે છે, આત્માને પોતાના જ્ઞાન અને સુખ માટે કોઈ અન્ય પદાર્થના અવલંબનની જરૂર નથી. –આમ જે નથી જાણતો અને નિમિત્તના અવલંબનથી આત્માને લાભ થાય એમ માને છે તેને વિષયોમાં સુખબુદ્ધિ છૂટી નથી અને આત્માના જ્ઞાન–આનંદસ્વભાવને તેણે માન્યો નથી.

મારામાં જ પરિપૂર્ણજ્ઞાન અને સુખપણે પરિણમવાની શક્તિ છે તે શક્તિમાંથી જ મારું જ્ઞાન અને સુખ પરિણમે છે–એમ ન માનતાં શાસ્ત્ર વગેરે નિમિત્તના અવલંબનથી મારું જ્ઞાન અને સુખ પરિણમે છે એમ જેણે માન્યું તેણે સંયોગથી લાભ માન્યો. જે જેનાથી લાભ માને તેને તેમાં સુખબુદ્ધિ હોય જ. જે સંયોગથી લાભ માને તેને સંયોગમાં સુખબુદ્ધિ છે, જે નિમિત્તથી લાભ માને તેને નિમિત્તમાં સુખબુદ્ધિ છે. સંયોગ એટલે પરવિષય; નિમિત્ત પણ પરવિષય છે. જેને નિમિત્તના આશ્રયથી લાભ થવાની બુદ્ધિ છે તેને પર વિષયોમાં સુખબુદ્ધિ છે, આત્માના અતીન્દ્રિય સ્વાધીન સુખને તેણે જાણ્યું નથી.

જેણે આત્માને કોઈ પણ સંયોગથી કે નિમિત્તથી લાભ માન્યો તેને ઊંડે ઊંડે પર વિષયોની જ રુચિ પડી છે; તેને આત્માના સ્વાધીન સુખની રુચિ થઈ નથી ને સ્વવિષય તેની દૃષ્ટિમાં આવ્યો નથી. જેને ખરેખર આત્માના સુખની રુચિ હોય તે એક પણ પર વિષયથી લાભ માને નહિ; ચૈતન્યબિંબ સ્વતત્ત્વ સિવાય બીજાથી લાભ માનવો તે મૈથુનબુદ્ધિ એટલે કે વિષયોમાં સુખબુદ્ધિ છે.

અતીન્દ્રિય જ્ઞાન અને અતીન્દ્રિય સુખપણે પરિણમવાની આત્માની જ શક્તિ છે, તેને બદલે નિમિત્તના આશ્રયે જ્ઞાન ને સુખ ખીલે એમ જે માને છે તેને પાંચ ઇન્દ્રિયના વિષયોમાં સુખબુદ્ધિ ટળી નથી ને અતીન્દ્રિય આત્મસ્વભાવનું લક્ષ થયું નથી. નિમિત્તના આશ્રયથી લાભ માનનાર કે વિષયોમાં સુખ માનનાર–તે બંનેની એક જ જાત છે, બંને સંયોગી દૃષ્ટિવાળા મિથ્યાદૃષ્ટિ છે; તેઓ આત્મસ્વભાવનો આશ્રય કરીને ન પરિણમતાં સંયોગનો આશ્રય કરીને જ પરિણમી રહ્યા છે, ભલે શુભભાવ હો તોપણ તેમને વિષયોની રુચિ ટળી નથી ને સ્વભાવસુખની રુચિ થઈ નથી.

'મારો આત્મા જ સર્વજ્ઞતા અને પરમ સુખથી ભરેલો છે' એવી જેને પ્રતીત નથી તે જીવ 'ભોગહેતુ ધર્મને' એટલે કે પુણ્યને જ શ્રદ્ધે છે. ચૈતન્યના નિર્વિષય–અતીન્દ્રિય સુખનો તેને અનુભવ નથી એટલે ઊંડાણમાં તેને ભોગનો હેતુ પડ્યો છે.

આત્મામાં એવી કોઈ શક્તિ નથી કે પરમાંથી કાંઈ લાભ લ્યે; તેમજ પર વસ્તુમાં પણ એવી કોઈ શક્તિ

નથી કે આત્માને લાભ આપે! આમ છતાં જે જીવ પરનો આશ્રય કરીને તેમાંથી લાભ લેવાનું માને છે તેને સ્વવિષયની રુચિ નથી પણ ઊંડાણમાં વિષયોના સુખની રુચિ પડી છે; તેણે પોતાના જ્ઞાનાનંદસ્વરૂપ આત્માને ધ્યેયરૂપ નથી કર્યો પણ પર વિષયોને જ ધ્યેયરૂપ બનાવ્યા છે. અહીં વિષયો કહેતાં એકલા અશુભરાગના નિમિત્તો જ ન સમજવા, પરંતુ દેવ–ગુરુ–શાસ્ત્ર વગેરે શુભરાગના નિમિત્તો તે પણ પર વિષયો જ છે. પોતાના ચૈતન્યસ્વભાવ સિવાયના બધાય પદાર્થો પર વિષયો છે, તેમના આશ્રયથી જે લાભ માને તેને પરવિષયોની પ્રીતિ છે એટલે તે મિથ્યાદ્રષ્ટિ છે. આત્માની શ્રદ્ધા કરનારને પરવિષયોના આશ્રયથી લાભની બુદ્ધિ હોતી નથી. નિમિત્તને ધ્યેય બનાવીને તેનો આશ્રય કરે તો કાંઈ ધર્મ થતો નથી, પણ પોતાના શુદ્ધ આત્માને ધ્યેય બનાવીને તેનો આશ્રય કરે તો ધર્મ થાય છે.

આત્માનો સ્વભાવ પોતાથી જ પરિપૂર્ણ છે, તે પૂર્ણતાની પ્રતીત કરનારો સાધક પોતાના જ્ઞાનાદિને પરાવલંબને માનતો નથી પણ સ્વભાવના અવલંબને માનીને સ્વ તરફ વળે છે. પર સામે જોયે આત્માનું કાંઈ વળે તેમ નથી, કેમકે આત્માના ગુણો પરમાં નથી; સંપૂર્ણ સામર્થ્યવાન પોતાના આત્મા સામે જુએ તો પૂર્ણજ્ઞાન–આનંદ મળે તેમ છે. સ્વભાવઆશ્રિત પરિણમનને છોડીને જે જીવ નિમિત્ત વગેરે પરદ્રવ્યના અવલંબને પોતાના જ્ઞાનાદિનું પરિણમન માને છે તે જીવ વ્યભિચારિણી બુદ્ધિવાળો મિથ્યાદ્રષ્ટિ છે. નિમિત્તના આશ્રયથી લાભ થાય–એવી માન્યતા કહો, વિષયોમાં સુખબુદ્ધિ કહો, વ્યભિચારિણી બુદ્ધિ કહો, સંયોગીદ્રષ્ટિ કહો, મૂઢતા કહો, અજ્ઞાન કહો, મિથ્યાત્વ કહો, અધર્મ કહો કે અનંતસંસારનું મૂળકારણ કહો–તે બધાયનો એક જ ભાવ છે. જ્યાં પોતાના સહજાનંદ સ્વરૂપની રુચિ નથી ને પરાશ્રય ભાવની રુચિ છે ત્યાં ઉપરના બધા ભાવો તેમાં પડયા જ છે. જે જીવ પોતાના સ્વાભાવિક જ્ઞાન અને સુખની અપૂર્વ શ્રદ્ધા કરે છે તેનું પરિણમન અંતર્મુખ થઈ જાય છે અને બહારમાં પરાશ્રયના ઉછાળા તેને અટકી જાય છે.

જે જીવ અંતર્‌સ્વભાવની સન્મુખ થઈને તેની પ્રતીત કરતો નથી અને નિમિત્તની સન્મુખતાથી લાભ માને છે તેને વિષયોમાંથી સુખબુદ્ધિ ટળી નથી, ને સ્વભાવની દ્રષ્ટિ થઈ નથી. કોઈ પણ પર નિમિત્ત મને લાભ–નુકસાન કરે એવી જેની માન્યતા છે તે જીવ મિથ્યાદ્રષ્ટિ, વિષયોની બુદ્ધિવાળો છે. સ્વભાવની બુદ્ધિવાળો ધર્મી જીવ કોઈ પણ પર નિમિત્તથી પોતાને લાભ–નુકસાન થવાનું માનતો નથી, એટલે તે તો નિમિત્તો તરફનું વલણ છોડીને પોતાના સ્વભાવના અવલંબને પૂર્ણતાને સાધી લ્યે છે.

આ રીતે સ્વભાવદ્રષ્ટિનું ફળ પૂર્ણાનંદની પ્રાપ્તિ છે; અને

નિમિત્તાધીનદ્રષ્ટિનું ફળ અનંત સંસારપરિભ્રમણ છે.

હે જીવો! તે અનંત સંસારપરિભ્રમણથી બચવા અને પૂર્ણાનંદને પ્રાપ્ત કરવા માટે તમે નિમિત્તાધીન દ્રષ્ટિને છોડો અને નિજસ્વભાવની દ્રષ્ટિ પ્રગટ કરો. –આમ શ્રી જ્ઞાનીઓનો ઉપદેશ છે.

–પ્રવચનમાંથી.

## .... ધર્મનો એકડો....

ધર્મનો એકડો એટલે સમ્યગ્દર્શન.

અહો! હું પોતે પરમાત્મશક્તિનો ભંડાર પ્રભુ છું, જેટલા જીવો ભગવાન થયા તે બધાય અંતરમાં એકાગ્રતાથી જ થયા છે; હું પણ મારા સ્વભાવમાં એકાગ્રતાથી ભગવાન થાઉં–એવું સામર્થ્ય મારામાં છે; હું–આત્મા જાણનાર દેખનાર છું, પર તરફનો વિકાર તે હું નથી, મારા જાણનાર–દેખનાર સ્વભાવમાંથી મારી પરમાત્મદશા પ્રગટવાની છે–આમ પોતાના સ્વભાવનો નિર્ણય કરવો તે જ સમ્યગ્દર્શનની પ્રાપ્તિનો અને મિથ્યાત્વના નાશનો ઉપાય છે.

આ તો હજી ચોથી ભૂમિકાની એટલે કે ધર્મના એકડાની વાત છે. પરમાત્માને તેરમું ગુણસ્થાન હોય, મુનિને છઠ્ઠું–સાતમું ગુણસ્થાન હોય, શ્રાવકને પાંચમું ગુણસ્થાન હોય, ને આ તો ચોથા ગુણસ્થાનની વાત છે. મુનિ કે શ્રાવક થયા પહેલાં આત્માની સાચી શ્રદ્ધારૂપ ધર્મ કેમ થાય તેની આ વાત છે એટલે અહીંથી જ ધર્મના એકડાની શરૂઆત થાય છે. –પ્રવચનમાંથી.

# શુદ્ધઆત્માની ઉપલબ્ધિથી મોહનો નાશ થાય છે.

∗ ભગવાન! અનાદિકાળથી આત્માની ભ્રાંતિને લીધે તું આ સંસારમાં રખડી રહ્યો છે, તે ભ્રાંતિ અને સંસારભ્રમણ ટાળવાનો ઉપાય શું? તેની આ વાત છે. શરીર–મન–વાણી વગેરે જડની ક્રિયા હું કરું એવી માન્યતા, કે વિષયભોગોમાં સુખ છે એવી માન્યતા તે ભ્રમ છે–અજ્ઞાન છે–અધર્મ છે–દુઃખ છે. તે કેમ મટે? એવી જેને જિજ્ઞાસા થાય તેને તેનો ઉપાય આચાર્યદેવ સમજાવે છે. હું બાહ્ય પદાર્થોથી અત્યંત ભિન્ન છું, કોઈ બાહ્ય પદાર્થો મને શરણભૂત નથી, મારો શુદ્ધ આત્મા ધ્રુવ છે તે જ મારું શરણ છે, તેમાં જ મારું સુખ છે–આમ શુદ્ધ આત્માનો નિર્ણય કરતાં તેમાં પ્રવૃત્તિ દ્વારા આત્માની શુદ્ધતા થાય છે ને અનાદિની ભ્રમણાનો નાશ થઈ જાય છે. આ જ ભ્રમણા ટાળવાનો ઉપાય છે.

∗ સમ્યગ્દર્શન કેમ થાય અને મિથ્યાત્વ કેમ ટળે તેની આ રીત કહેવાય છે. શુદ્ધાત્માને ધ્રુવ જાણીને તેમાં પ્રવૃત્તિદ્વારા જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર થાય છે. મારે માટે મારો શુદ્ધ આત્મા જ ધ્રુવ છે ને બીજું બધું અધ્રુવ છે, તેથી મારે મારો શુદ્ધ આત્મા જ ઉપલબ્ધ કરવા જેવો છે–આમ નક્કી કરીને શુદ્ધાત્માની ઉપલબ્ધિથી મોહનો ક્ષય થાય છે. સાધકને વચ્ચે શુભરાગરૂપ વ્યવહાર આવે, પણ તે નિર્મળતાનું કારણ નથી; નિર્મળતા તો શુદ્ધાત્મામાં પ્રવૃત્તિથી જ થાય છે. સમ્યગ્દર્શન પછી પણ ક્ષણે ક્ષણે શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિ તે જ ચારિત્રની વૃદ્ધિનું કારણ છે. જેટલો રાગ થાય તે શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિની કચાશને લીધે થાય છે. ‘શુદ્ધ આત્મામાં પ્રવૃત્તિ’ એમ કહીને તેમાં સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર ત્રણે સમાવી દીધા છે; એ જ મોહના નાશની રીત છે.

∗ યથાર્થ વિધિ વડે પોતાના શુદ્ધાત્માને જે ધ્રુવ જાણે છે તેને તેમાં જ પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે; તે શુદ્ધાત્મત્વની પ્રાપ્તિને લીધે અનંતશક્તિવાળા ચિન્માત્ર પરમઆત્માનું એકાગ્રસંચેતન લક્ષણ ધ્યાન હોય છે; અને તેથી...અનાદિ સંસારથી બંધાયેલી અતિ દ્રઢ મોહદુર્ગ્રંથિ છૂટી જાય છે. ધ્રુવ શુદ્ધાત્માનું જ્ઞાન, તેમાં પ્રવૃત્તિ અને મિથ્યાત્વનો નાશ એક સાથે જ છે પણ અહીં ક્રમથી સમજાવ્યું છે. વાણીથી કહેતાં વાર લાગે પણ સમજવામાં ને ઠરવામાં વાર લાગતી નથી. શુદ્ધ આત્મામાં એકાગ્ર થયો ત્યાં જ અનંત ચૈતન્યશક્તિવાળા પરમાત્મસ્વભાવની એકાગ્રતારૂપ ધ્યાન થયું. ‘ચિંતાનો નિરોધ તે ધ્યાન’ –એ વાત નાસ્તિથી છે, તે ધ્યાનનું ખરું લક્ષણ નથી. પણ એકલા શુદ્ધાત્મસ્વભાવનું જ સંચેતન રહી જાય ને બીજી ચિંતા છૂટી જાય–તેનું નામ ખરું ધ્યાન છે; એવા આત્મધ્યાનથી મોહનો ક્ષય થઈને સંસારપરિભ્રમણ ટળે છે.

∗ ધ્યાન કરનારે પહેલાં તો જે પદાર્થનું ધ્યાન કરવું છે તેનું સ્વરૂપ જાણવું જોઈએ. પદાર્થનું સ્વરૂપ જાણ્યા વિના તેનું ધ્યાન થઈ શકે નહિ. હજી જેને સાચા દેવ–ગુરુ–શાસ્ત્રની પણ શ્રદ્ધા ન હોય તેને તો શુદ્ધાત્માના ધ્યાન માટેની પાત્રતા પણ હોતી નથી. સાચા દેવ–ગુરુ–શાસ્ત્રને ઓળખીને તેમની પાસેથી શુદ્ધાત્માનું સ્વરૂપ જાણે તેને શુદ્ધાત્માના ધ્યાન વડે મોહનો ક્ષય થાય છે. કેવો છે આત્મા? અનંત શક્તિવાળો ચિન્માત્ર આત્મા છે. તે ચિન્માત્રસ્વભાવમાં રાગ–દ્વેષ નથી. આત્મામાં અનંત ચૈતન્યશક્તિ છે એટલે કે અનંતનું જ્ઞાન કરે તેવી શક્તિ છે પણ કોઈનું કાંઈ કરી દે કે ફેરફાર કરે–એવી શક્તિ તો તેનામાં બિલકુલ નથી. જેમ દીવાસળીના ટોપકામાં ભડકો થવાની તાકાત રહેલી છે તથા લીંડીપીપરમાં ચોસઠપોરી તીખાશ થવાની તાકાત છે તેમ ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં કેવળજ્ઞાન થવાની તાકાત છે. પર્યાયમાં એક સમયની મલિનતા ને અપૂર્ણતા છે તે આત્માનો ત્રિકાળી સ્વભાવ નથી. એક સમયના વિકારનું અસ્તિત્વ પણ પર્યાયદ્રષ્ટિથી છે, દ્રવ્યસ્વભાવની દ્રષ્ટિથી તો એક સમયનો વિકાર પણ ચૈતન્યશક્તિસંપન્ન ભગવાનઆત્મામાં નથી, શુદ્ધ ચિન્માત્ર જ આત્મા છે. જે જીવ અંતર્મુખ થઈને આવા આત્માને જાણે તેને તેમાં પ્રવૃત્તિથી મોહનો નાશ થાય છે.

આત્માને ‘જ્ઞાનમાત્ર’ કહીને તેનાથી વિરુદ્ધ ભાવોનો નિષેધ કર્યો છે એટલે કે જ્ઞાનમાત્ર આત્મામાં પુણ્ય–પાપ રાગ–દ્વેષાદિ વિકારી ભાવો નથી; પણ ‘જ્ઞાનમાત્ર’ કહેવાથી કાંઈ તેના આનંદ–અસ્તિત્વ વગેરે ગુણો તેમાંથી નીકળી જતા નથી, તે તો બધા ‘જ્ઞાનમાત્ર’માં અભેદપણે આવી જાય છે.

* આત્માને પોતાનો શુદ્ધ આત્મા જ ધ્રુવ છે તેથી તે જ શરણભૂત છે, એ સિવાય કોઈ પદાર્થ આત્માને શરણભૂત નથી. –આમ નક્કી કરીને જેણે શુદ્ધ આત્મદ્રવ્યનું શરણ લીધું તેને તેના આશ્રયે નિર્મળદશા પ્રગટી અને ધ્રુવદ્રવ્યના શરણે સદાય એવી ને એવી નિર્મળ પર્યાય થયા જ કરશે. અનંત–અનંત નિર્મળ પર્યાયો પ્રગટે તોપણ આત્માની સ્વભાવશક્તિ કિંચિત્ પણ ઘટી જતી નથી. આત્મામાં અનંત–અનંત કેવળજ્ઞાનની પર્યાયો પ્રગટયા જ કરે એવી શક્તિ વર્તમાનમાં ભરી છે, એટલે આત્મા અનંત ચૈતન્યશક્તિવાળો છે. આત્મા ક્ષેત્રથી અનંત નથી પણ શક્તિથી અનંત છે. આત્માનું ક્ષેત્ર મર્યાદિત છે પણ તેનું જ્ઞાનસામર્થ્ય અમર્યાદિત છે; તે જ્ઞાનસામર્થ્ય વડે જ આત્માનો મહિમા છે, ક્ષેત્રથી તેનો મહિમા નથી. અંતર્મુખ થઈને એકાગ્રતાથી કેવળજ્ઞાન થાય છે, કેવળજ્ઞાન માટે કાંઈ બહારમાં ફેલાઈને એકાગ્ર થવું પડતું નથી. ક્ષેત્રથી સર્વવ્યાપકતા થાય તો જ આત્માને કેવળજ્ઞાન થાય–એમ જે માને તેણે આત્માના જ્ઞાનસ્વભાવને જાણ્યો નથી. ક્ષેત્રની વિશાળતાથી આત્માનો મહિમા નથી પણ જ્ઞાનસામર્થ્યની વિશાળતાથી આત્માનો મહિમા છે. જ્ઞાન પોતાના સ્વભાવમાં જ વ્યાપીને લોકાલોકને જાણે છે, પણ લોકાલોકને જાણવા માટે તેને લોકાલોકમાં વ્યાપવું નથી પડતું. એ જ પ્રમાણે સમ્યક્શ્રદ્ધા વગેરે પણ અંતરમાં એકાગ્રતાથી જ થાય છે; માટે પોતામાં જ અનંત શક્તિ ભરેલી છે. આવા શુદ્ધાત્માને જે જાણે તેને જ તેમાં પ્રવૃત્તિ દ્વારા શુદ્ધાત્મત્વ હોય છે, અને તેને અનંતશક્તિવાળા ચૈતન્યમાં એકાગ્ર–સંચેતનરૂપ ધ્યાન હોય છે. અહીં શુદ્ધાત્માનું જ્ઞાન, તેમાં પ્રવૃત્તિ અને તેનું ધ્યાન–એવા ત્રણ પ્રકાર કહ્યા પણ તે ત્રણે ભેદરૂપ નથી, એકસાથે જ છે. શુદ્ધાત્મામાં પ્રવૃત્તિથી જ્યાં શુદ્ધાત્મપણું થયું ત્યાં જ જીવ સમ્યગ્દ્રષ્ટિ છે અને તેનો મોહ ક્ષય થઈ ગયો છે.

* શુદ્ધ ચૈતન્યસ્વરૂપમાં એકાગ્ર થતાં અન્ય પદાર્થની ચિંતા છૂટી જાય છે તેનું નામ ધ્યાન છે. સ્વરૂપમાં એકાગ્રતા વગર ચિંતાનો નિરોધ કોઈ રીતે થાય નહિ. હું પરમોત્કૃષ્ટ ચૈતન્યઘન મોજૂદ આનંદકંદ છું–એમ જાણીને તેમાં એકાગ્ર થયો ત્યાં એક શુદ્ધ આત્મા જ અગ્ર રહ્યો એટલે કે એક શુદ્ધ આત્મા જ વિષય રહ્યો, ઉપયોગ શુદ્ધ આત્મામાં થંભી ગયો–એ જ ચૈતન્યનું નિર્વિકલ્પ ધ્યાન છે. જ્ઞાનનો ઉપયોગ ચૈતન્યસ્વભાવમાં જ ટક્યો ત્યાં બીજા વિષયોમાંથી ચિત્તનો નિરોધ સહેજે થઈ જાય છે. સ્વની અસ્તિમાં પરની નાસ્તિ આવી જાય છે. શુદ્ધ આત્માને જ જ્ઞાનનો વિષય બનાવીને એકાગ્ર થતાં નિમિત્તો તેમ જ વિકારભાવો ઉપરથી લક્ષ ખસી ગયું ને એકલા શુદ્ધ આત્માનો જ અનુભવ રહ્યો. –આવા અનુભવથી આત્માને શુદ્ધતા થાય છે ને મોહનો ક્ષય થઈ જાય છે.

–એવો અનુભવ કોને થાય? મારું શુદ્ધ ચૈતન્યસ્વરૂપ તે સ્વ તત્ત્વ અને મારા સિવાય બીજા પદાર્થો તે પર તત્ત્વ–એ પ્રમાણે જગતમાં સ્વ અને પર તત્ત્વો છે, તેઓ સ્વયંસિદ્ધ સ્વતંત્ર છે અને દ્રવ્ય–ગુણ–પર્યાયસ્વરૂપ છે,– એમ જાણીને પરથી ભિન્ન પોતાના ધ્રુવસ્વભાવ તરફ જે વળે તેને શુદ્ધાત્માના અનુભવરૂપ ધ્યાન હોય છે. પણ જો સ્વતંત્ર સ્વયંસિદ્ધ ચૈતન્યસ્વરૂપ આત્માને ન માને, આત્માથી ભિન્ન પરતત્ત્વોને ન માને, એકેક આત્મામાં અનંત ગુણ છે તેને ન માને અને તેની વર્તમાન અવસ્થામાં વિકાર થાય છે તેને ન માને, –તો તે જીવને ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતારૂપ ધ્યાન કરવાનું બનતું નથી ‘એકાગ્રસંચેતનલક્ષણ ધ્યાન’ એમ કહીને આચાર્યદેવે ધ્યાનનું મહાન લક્ષણ બાંધ્યું છે. ચૈતન્યસ્વભાવના નિર્ણય વિના કોઈ એકલી રાગ–દ્વેષ ટાળવાની વાત કરે તો તે વાત જૂઠી છે. રાગ–દ્વેષ ટાળવા તે નાસ્તિથી છે, કોની અસ્તિમાં રહીને તેની નાસ્તિ કરશે? રાગ–દ્વેષરહિત, અનંત ચૈતન્યશક્તિસંપન્ન આત્માને ઓળખીને તેમાં એકાગ્રતા કર્યા વગર રાગ–દ્વેષ–મોહ ટળતા નથી.

* ‘જ્ઞાનભગવાન’ આત્મા છે તે જ્ઞાતા–દ્રષ્ટા છે, તેમાં વિકારનો અભાવ છે પણ જ્ઞાન સાથે સુખ, શ્રદ્ધા, વીર્ય, સ્વચ્છતા, પ્રભુતા વગેરે અનંત શક્તિઓ તેનામાં રહેલી છે. જે જીવ ચૈતન્યનું ધ્યાન કરવા માંગે છે એટલે કે ધ્રુવ–સ્વભાવ તરફ વળીને તેમાં એકાગ્ર થવા માંગે છે તેને અનંતશક્તિથી અભેદરૂપ ચિન્માત્ર આત્મા ખ્યાલમાં આવે છે;

અનુભવમાં એકલું જ્ઞાન જ નથી પણ જ્ઞાન સાથે અનંત ગુણો હોય છે. જ્ઞાન સ્વમાં એકાગ્ર થયું ત્યાં શાંતિ પણ થઈ એટલે કે સુખ થયું, વીર્ય બહારમાં કામ કરતું તે અંતરમાં સ્વ તરફ વળ્યું, 'હું જ્ઞાયક છું' એમ સ્વીકારતી શ્રદ્ધા સ્વભાવ તરફ વળી, ચારિત્રની પણ અંશે સ્વરૂપરમણતા થઈ; એ રીતે ધ્રુવચૈતન્યમાં એકાગ્રતાથી જ્ઞાનાદિ અનંત શક્તિની નિર્મળતા પ્રગટ થાય છે.

* પહેલાં પોતાના શુદ્ધ ચૈતન્યતત્ત્વને ભૂલીને જીવ પોતાને શરીરાદિની ક્રિયારૂપ બાહ્યપ્રવૃત્તિનો કર્તા માનતો, તે અજ્ઞાન હતું; ત્યારે તો તે ક્ષણિક રાગ–દ્વેષને જ કરતો અને તેને જ ભોગવતો એટલે વિકારમાં એકાગ્રતારૂપ અધર્મધ્યાન હતું. હવે પોતાના શુદ્ધસ્વભાવને જાણીને તે તરફ વલણ કરતાં, પરમાં એકાગ્રતા ટળીને શુદ્ધ આત્મસ્વભાવમાં એકાગ્રતારૂપ ધર્મધ્યાન થયું. સ્વભાવમાં એકાગ્ર થતાં વિભાવનો નાશ થઈ જાય છે. સ્વભાવ તો ત્રિકાળ ધ્રુવ રહેનાર છે ને વિભાવ એકસમય પૂરતો છે. અવસ્થામાં એક સમયની ભૂલથી પરનું શરણ માનીને પોતે પોતાના આખા ધ્રુવસ્વભાવને ભૂલી ગયો, **'अपने को आप भूलके हेरान हो गया'** –પોતે પોતાને ભૂલીને જ રખડે છે, ને સ્વભાવની સંભાળ કરીને તે ભૂલને ભાંગતાં પોતે જ ભગવાન થાય છે; કોઈ બીજો તેને રખડાવતો નથી તેમ જ કોઈ બીજો તેને તારતો નથી; એટલે આત્મા પોતે જ પોતાનો શત્રુ અને પોતે જ પોતાનો મિત્ર છે. ભગવાન આત્મા ઊંધાઈમાં પણ સ્વતંત્ર છે ને સવળાઈમાં પણ સ્વતંત્ર છે.

* દરેક જીવ પોતાના ભાવને જ કરે છે અને તેને જ ભોગવે છે; કોઈ જીવ બહારની ચીજને કરતો કે ભોગવતો નથી. મોઢામાં લાડવો પડયો હોય તેનો સ્વાદ જડ છે તેને આત્મા ભોગવતો નથી, પણ પોતે જે રાગ કરે તેને તે ભોગવે છે. તેમ જ શરીરમાં તીવ્ર રોગ થયો હોય તે વખતે તે રોગને જીવ નથી ભોગવતો, પણ જો દ્વેષભાવ કરે તો તે દ્વેષને ભોગવે છે. શુદ્ધ આત્માના અનુભવમાં ધર્મીજીવ રાગ–દ્વેષને પણ કરતો કે ભોગવતો નથી, સ્વભાવ–દ્રષ્ટિમાં તે નિર્મળ પર્યાય જ કરે છે ને તેના આનંદને જ ભોગવે છે. જે પરનું કર્તા–ભોક્તાપણું માને તે જીવ મિથ્યાદ્રષ્ટિ છે, તેને પરથી ભિન્ન પોતાના શુદ્ધ આત્માનું ધ્યાન હોતું નથી.

* મારે લીધે બહારની વ્યવસ્થા સરખી ચાલે–એમ માનીને અજ્ઞાની જીવ પર તરફના રાગ–દ્વેષમાં જ્ઞાનને લીન કરે છે તે ભૂંડું ધ્યાન છે; તે પલટો ખાઈને શ્રદ્ધાનું જોર ધ્રુવ આત્મસ્વભાવ તરફ વળતાં ચૈતન્યમાં એકાગ્રતા થાય છે તે સમ્યક્ધ્યાન છે. ચૈતન્યસ્વભાવમાં એકાગ્રતા કરવી તે જ શરૂઆતમાં, મધ્યમાં ને અંતમાં કરવાનું છે, પહેલેથી છેલ્લે સુધી તે એક જ મોક્ષમાર્ગ છે, ચૈતન્યમાં એકાગ્રતા સિવાય વચ્ચે બીજા ભાવ આવે તો તે મોક્ષમાર્ગ નથી–એમ જાણવું જોઈએ.

ચૈતન્યતત્ત્વને ચૂકીને પરમાં એકાગ્રતા થાય તે ભૂંડું ધ્યાન છે, તેના બે પ્રકાર છે– તીવ્ર વિકારમાં એકાગ્રતા તે રૌદ્રધ્યાન છે અને સાધારણ વિકારમાં એકાગ્રતા તે આર્ત્તધ્યાન છે. શાંતમૂર્તિ ચૈતન્યમાં એકાગ્ર થતાં તે બંને પ્રકારના ભૂંડા ધ્યાનો રહેતા નથી.

* હું શુદ્ધ ચૈતન્યતત્ત્વ છું ને મારી વર્તમાન અવસ્થામાં રાગ–દ્વેષ છે, તેને ટાળીને હું નિર્મળ પરમાનંદદશા પ્રગટ કરવા માંગું છું, અને તે નિર્મળ આનંદદશા પ્રગટયા પછી તેનો કદી નાશ ન થાય, સદાય એવી ને એવી દશા થયા કરે–એમ કરવા માંગું છું. તો અનંત–અનંતકાળની તે નિર્મળ પરમાનંદદશાઓ શેમાંથી આવશે? જેમાં શક્તિપણે અત્યારે વિદ્યમાન હોય તેમાંથી તે પ્રગટે. મારા ધ્રુવ–સ્વભાવમાં અનંત નિર્મળાનંદ અવસ્થાઓ પ્રગટવાનું સામર્થ્ય વર્તમાનમાં પડયું છે. –આમ અનંત શક્તિવાળા પોતાના ધ્રુવ ચૈતન્યપરમેશ્વરને લક્ષમાં લઈને તે એકનું જ સંચેતન રહે તે મોક્ષનું કારણ છે. રાગનું સંચેતન રહે તો સંસારનો નાશ થાય નહિ. સમ્યગ્દ્રષ્ટિને અસ્થિરતાનો રાગ હોવા છતાં, તેની શ્રદ્ધામાં રાગનું સંચેતન નથી પણ શુદ્ધ આત્માનું જ સંચેતન છે.

* ઘણા લોકો અંતરમાં તત્ત્વના નિર્ણય વિના ધ્યાનના બહાને મૂઢતા સેવતા હોય છે. એકાગ્રસંચેતન તે ધ્યાનનું લક્ષણ છે અને ધ્રુવ આત્મસ્વભાવ તે ધ્યાનનું ધ્યેય છે. જેમાં એકલા આત્મસ્વભાવનું અનુભવન થાય તે આત્મધ્યાન છે. એવું ધ્યાન કોને હોય? બધા થઈને એક જ આત્મા છે એમ જે માને તેને પરથી ભિન્ન શુદ્ધ આત્માનું ધ્યાન ન હોય. આત્મા પરનું કરે કે પુણ્યથી ધર્મ થાય એમ જે માને તેને પણ શુદ્ધ આત્માનું ધ્યાન ન હોય. આત્માને સર્વથા શુદ્ધ અને કૂટસ્થ માને તો તેને પણ ધ્યાન હોતું નથી. અને આત્માને સર્વથા ક્ષણિક

માને તો તેને પણ ધ્રુવના અવલંબન વગર ધ્યાન કયાંથી હોય ? વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ જાણ્યા વગર ધ્યાન હોઈ શકે નહિ. દરેક આત્મા સ્વતંત્ર છે, ધ્રુવસ્વભાવથી આત્મા નિર્મળ છે ને એક સમયની અવસ્થામાં વિકાર છે, ધ્રુવના અવલંબને તે વિકાર ટળીને અવિકારી પર્યાય થઈ શકે છે–આમ બધા પડખાથી વસ્તુસ્વરૂપને જાણે તેને જ ધ્રુવસ્વભાવના અવલંબને આત્માનું ધ્યાન હોય છે. એ રીતે, ધ્યાનનું સ્વરૂપ કહ્યું તેમાં બધો વ્યવહાર તો આવી જાય છે પણ તેની મુખ્યતા નથી, કેમકે મોહનો ક્ષય તો ધ્રુવ–સ્વભાવના અવલંબનથી જ થાય છે. મોહનો ક્ષય તે શુદ્ધાત્માની ઉપલબ્ધિનું ફળ છે; શુદ્ધઆત્માની ઉપલબ્ધિ તે અસ્તિ છે અને મોહનો ક્ષય તે નાસ્તિ છે, બંને એક સાથે જ છે.

* ચૈતન્યસ્વભાવને ભૂલીને રાગ–દ્વેષને પોતાના માન્યા તે અનાદિ સંસારથી બંધાયેલી મોહગ્રંથી છે. જોકે ભૂલ તો એક જ સમયની છે પણ તે ભૂલનો પ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે. જો એકવાર પણ તે મિથ્યામાન્યતારૂપ મોહનો સર્વથા ક્ષય કરી નાખ્યો હોય તો ફરીથી મિથ્યાત્વ થાય નહિ. જેમ ચણામાંથી ઝાડ ને ઝાડમાંથી ચણો–એમ પ્રવાહપણે અનાદિ હોવા છતાં ચણાને શેકીને તેની ઊગવાની લાયકાતનો નાશ કરતાં તે પ્રવાહ અટકી જાય છે; તેમ આત્માની પર્યાયમાં ભૂલ પ્રવાહરૂપે અનાદિની હોવા છતાં ચૈતન્યની સમ્યક્ શ્રદ્ધાવડે ક્ષણમાં તેનો નાશ થઈ જાય છે. મોહની ગાંઠને અતિ દ્રઢ કીધી તેનો અર્થ એવો નથી કે તે છૂટી ન શકે. ઊંધા પુરુષાર્થ વડે બંધાયેલી અતિ દ્રઢ મોહની ગાંઠ સ્વભાવના અપૂર્વ પુરુષાર્થ વડે ક્ષણમાં છૂટી જાય છે. મોહની અતિ દ્રઢ ગાંઠ અનાદિની છે કેમકે પૂર્વે અનાદિ કાળમાં તેને છેદવાનો યથાર્થ ઉપાય કદી પણ કર્યો નથી. તે મોહને છેદવા માટે આત્માની જાગૃતિનો અપૂર્વ પુરુષાર્થ માગે છે, તે પુરુષાર્થ પોતાના હાથમાં છે; પોતે જાગીને શુદ્ધ આત્મસ્વભાવમાં વળવાનો સમ્યક્પુરુષાર્થ કરે તો તે જ ક્ષણે મોહની અતિ દ્રઢ દુર્ગ્રંથિ છેદાઈ જાય છે. જ્યાં પોતે પોતાના સ્વભાવમાં એકાગ્ર થયો ત્યાં પરભાવમાંથી એકાગ્રતા છૂટી ગઈ અને મોહનો નાશ થઈ ગયો.

આ રીતે શુદ્ધ આત્માની ઉપલબ્ધિથી મોહનો નાશ થાય છે.

–શ્રી પ્રવચનસાર ગા. ૧૯૪ ઉપરના પ્રવચનમાંથી વીર સં. ૨૪૭૫ જેઠ સુદ ૧

* * * * *

## ભવભ્રમણ કેમ ન અટકયું ?

‘રાગમાત્ર હું નહિ, શુભભાવ પણ આત્મસ્વભાવને મદદગાર નથી, –એવી સમજણ વિના માત્ર પુણ્યની ક્રિયા કરી, ને તેથી અનંતવાર નવમી ગ્રૈવેયક સુધી જે જીવ ગયો તેની શ્રદ્ધા વ્યવહારે તો બહુ ચોખ્ખી હોય છે, કેમકે સંપૂર્ણ વ્યવહારશુદ્ધિ વિના નવમી ગ્રૈવેયક સુધી જઈ શકાય નહિ. પણ અંતરમાં તે જીવને પરમાર્થશ્રદ્ધાન્ ન હતું તેથી ભવભ્રમણ ટળ્યું નહિ.

એકવાર સત્ય શ્રદ્ધા કરવાથી, ભેદજ્ઞાનજ્યોતિ વડે સર્વ પરદ્રવ્ય અને પર ભાવથી છૂટવું થાય છે. એકવાર સ્વતંત્ર સ્વસમયને માને તો સંસાર રહે નહિ. સમ્યગ્જ્ઞાન શું છે તે અનંતકાળમાં જીવે જાણ્યું નથી, અને અજ્ઞાનભાવે ધર્મના નામે પાપ ઘટાડી પુણ્ય બાંધ્યું પણ તેનાથી ધર્મ થયો નહિ ને ભવભ્રમણ અટક્યું નહિ.

નવમી ગ્રૈવેયકે જનાર અજ્ઞાની જીવને વ્યવહારે શ્રદ્ધા–જ્ઞાન અને શુભપ્રવૃત્તિ હોય છે, બાહ્યથી નગ્ન દિગંબર મુનિપણું હોય છે, પંચ મહાવ્રતનું પાલન સાવધાનીપૂર્વક હોય છે; પણ અંતરમાં હું ચૈતન્યમૂર્તિ આત્મા પરથી નિરાળો છું, પુણ્ય–પાપના વિકલ્પથી રહિત છું, કોઈ પરનો મારે આશ્રય છે જ નહિ, –એવી સ્વાવલંબી તત્ત્વશ્રદ્ધા નથી તેથી તે જીવનું ભવભ્રમણ ટળતું નથી.

–સમયસાર–પ્રવચનો ભા. ૧, પૃ. ૯૧, ૯૩, ૧૨૩.

# અનેકાન્તમૂર્તિ ભગવાન આત્માની
# કેટલીક શક્તિઓ

卐

આત્માને જ્ઞાનમાત્ર કહીને ઓળખાવ્યો છે, તોપણ જ્ઞાનમાત્ર ભાવની સાથે બીજા અનંત ધર્મો પણ રહેલા છે, એટલે આત્મા અનેકાન્તસ્વભાવવાળો છે. અનેકાન્તસ્વરૂપ આત્મામાં અનંત શક્તિઓ રહેલી છે તેમાંથી સમયસારના પરિશિષ્ટમાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવે ૪૭ શક્તિઓનું વર્ણન કર્યું છે, તે શક્તિઓ ઉપરનું આ વિવેચન ચાલે છે. અત્યાર સુધીમાં અગિયાર શક્તિઓનું વર્ણન થઈ ગયું છે તે નીચે પ્રમાણે છે–

( ૧ ) જીવત્વશક્તિ :– આ શક્તિથી આત્મા ચૈતન્યમાત્રભાવરૂપી ભાવપ્રાણોને ધારણ કરીને ત્રિકાળ જીવી રહ્યો છે.

( ૨ ) ચિતિશક્તિ :– અજડત્વસ્વરૂપ એટલે કે ચેતનસ્વરૂપ એવી ચિતિશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

( ૩ ) દશિશક્તિ:– અનાકાર ઉપયોગરૂપ દશિશક્તિ છે, તે પદાર્થોને સત્તામાત્ર દેખે છે.

( ૪ ) જ્ઞાનશક્તિ :– સાકાર ઉપયોગરૂપ જ્ઞાનશક્તિ છે, તે જ્ઞેય પદાર્થોને વિશેષપણે જાણે છે.

( ૫ ) સુખશક્તિ :– અનાકુળતાસ્વરૂપ સુખશક્તિ આત્મામાં ત્રિકાળ છે.

( ૬ ) વીર્યશક્તિ :– તે સ્વરૂપની રચનાના સામર્થ્યરૂપ છે, એટલે કે આત્માના દ્રવ્ય–ગુણ–પર્યાયની રચના આત્માની વીર્યશક્તિથી જ છે.

( ૭ ) પ્રભુત્વશક્તિ :– અખંડિત પ્રતાપવાળી સ્વતંત્રતાથી શોભિત એવી પ્રભુત્વશક્તિ આત્મામાં છે.

( ૮ ) વિભુત્વશક્તિ :– સર્વ ભાવોમાં વ્યાપક એવા એક ભાવરૂપ વિભુત્વશક્તિ છે.

( ૯ ) સર્વદર્શિત્વશક્તિ :– તે સમસ્ત વિશ્વના સામાન્યભાવને દેખવારૂપે પરિણમેલા એવા આત્મદર્શનમય છે.

( ૧૦ ) સર્વજ્ઞત્વશક્તિ :– આ શક્તિ સમસ્ત વિશ્વના વિશેષ ભાવોને જાણવારૂપ પરિણમેલા એવા આત્મજ્ઞાનમય છે. અહો ! આ શક્તિના વર્ણનમાં આત્માની સર્વજ્ઞતાનો અદ્ભુત મહિમા ગાયો છે.

( ૧૧ ) સ્વચ્છત્વશક્તિ :– આત્માની આ શક્તિને લીધે તેના ઉપયોગમાં લોકાલોકના આકારો પ્રકાશે છે.

–એ પ્રમાણે અગિયાર શક્તિઓનું વિસ્તારથી વર્ણન અત્યાર સુધીમાં આવી ગયું છે; ત્યારપછી આગળનું અહીં આપવામાં આવે છે. આત્માના જ્ઞાનમાત્ર ભાવમાં આ બધી શક્તિઓ ભેગી જ રહેલી છે, એટલે તે શક્તિની પ્રતીત કરવા જતાં શક્તિમાન એવો અખંડ આત્મા જ પ્રતીતમાં આવી જાય છે. આ શક્તિઓ દ્વારા અનંતશક્તિના આધારભૂત એવા અભેદચૈતન્યપિંડને દ્રષ્ટિમાં લેવો તે જ પ્રયોજન છે.

## ( ૧૨ )

## પ્રકાશ શક્તિ

આત્માની અનંત શક્તિઓમાં એક પ્રકાશ નામની શક્તિ છે; કેવી છે તે શક્તિ ? સ્વયં પ્રકાશમાન વિશદ ( સ્પષ્ટ ) એવા સ્વસંવેદનમયી એટલે કે સ્વાનુભવસ્વરૂપ પ્રકાશશક્તિ છે.

જ્ઞાનમૂર્તિ આત્માનું સ્વસંવેદન કેવુ છે ? કે સ્વયં પ્રકાશમાન છે અને સ્પષ્ટ છે, પ્રત્યક્ષ છે. આત્મા પોતે પોતાથી જ પ્રત્યક્ષ સ્વાનુભવમાં આવે–એવી તેની પ્રકાશશક્તિ છે. આત્મામાં અનાદિ–અનંત એવો પ્રકાશસ્વભાવ છે કે પોતે પોતાથી પ્રકાશમાન છે અને પોતે જ પોતાનું

સ્પષ્ટ સંવેદન કરે છે. આત્માને પોતાનું સ્વસંવેદન કરવામાં કોઈ પરના આશ્રયની જરૂર પડતી નથી. ઇન્દ્રિયો વગેરે નિમિત્તોનો સંયોગ હોય તો આત્માને પોતાનું સંવેદન થાય–એમ નથી; તેમ જ આત્મા પોતે પોતાને પ્રત્યક્ષ ન કરી શકે, પરોક્ષપણે જ આત્માની શ્રદ્ધા–જ્ઞાન થાય–એવું પણ નથી, કેમકે પ્રકાશશક્તિને લીધે આત્માનો સ્વભાવ સ્વયં પ્રકાશમાન સ્પષ્ટ સ્વસંવેદનરૂપ છે. ઇન્દ્રિયો કે મનના આશ્રયે જે વ્યવહારશ્રદ્ધા–જ્ઞાન કરે છે તે આત્માની એક સમય પૂરતી યોગ્યતા છે પણ આત્માનો ત્રિકાળી સ્વભાવ તેવો નથી. કોઈ સંયોગથી કે રાગથી અનુભવમાં આવે એવો આત્મસ્વભાવ નથી તેમ જ એકલા પરોક્ષજ્ઞાનથી અનુભવમાં આવે એવો પણ આત્મા નથી; આત્માનો સ્વભાવ તો સ્વયં પોતાથી અનુભવમાં આવે અને પ્રત્યક્ષ અનુભવમાં આવે એવો છે. જો નિમિત્તના અવલંબનથી આત્માના સ્વાનુભવનો પ્રકાશ થતો હોય તો આત્મામાં સ્વયંસિદ્ધ પ્રકાશશક્તિ રહેતી નથી. આત્મવસ્તુનાં શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ વગેરે બધું પોતામાં જ સમાય છે, પોતાના શ્રદ્ધા–જ્ઞાન–અનુભવ માટે કોઈ પરનો આશ્રય કે મદદ લેવી પડે એવો આત્માનો સ્વભાવ નથી. પરથી આત્માને લાભ થાય કે આત્મા પરને લાભ આપે–એવી શક્તિ આત્મામાં નથી.

આત્મામાં જીવત્વ, શ્રદ્ધા, જ્ઞાન, સુખ, પ્રભુત્વ વગેરે અનંત ગુણો છે, તે બધા સ્વયં પ્રકાશમાન છે, કોઈ પર–નિમિત્તને લીધે પ્રકાશે એવો આત્માની જ્ઞાનાદિ શક્તિઓનો સ્વભાવ નથી; પોતે પોતાથી જ સ્પષ્ટપણે પોતાના જ્ઞાન–આનંદ–શાંતિ વગેરેનું સ્વસંવેદન કરે–એવો આત્માનો ત્રિકાળ સ્વભાવ છે. જ્ઞાનાદિમાં પરોક્ષપણું રહે તે આત્માનો સ્વભાવ નથી. જો આત્માની આવી શક્તિને ન માને ને એકાન્ત પરોક્ષ જ માને તો તેણે આત્માને જાણ્યો નથી.

શ્રી વીતરાગી પ્રતિમા, શાસ્ત્ર, ઇન્દ્રિયો વગેરે નિમિત્તોના કારણે અથવા તે તરફના શુભ વિકલ્પના કારણે મારું જ્ઞાન પ્રકાશે છે–એમ જે માને તેણે આત્માની સ્વયંસિદ્ધ સ્પષ્ટ સ્વાનુભવરૂપ પ્રકાશશક્તિને માની નથી એટલે તે શક્તિવાળા આત્માને પણ તેણે માન્યો નથી. જો જ્ઞાન એક સમય પૂરતો રાગ અને નિમિત્તોના લક્ષે જ જાણવામાં રોકાય પણ સ્વસન્મુખ થઈને આત્માનો પ્રત્યક્ષ અનુભવ ન કરે તો આત્માનું હિત થતું નથી; કેમકે પરાશ્રિતપણે કાર્ય કરે એવો આત્માનો સ્વભાવ નથી, આત્મા તો સ્વયંપ્રકાશમાન સ્વભાવવાળો છે. આત્માને પોતાના સ્વાશ્રયે નિર્મળતા પ્રગટે–એવો તેનો સ્વભાવ છે, પણ પોતાની નિર્મળદશા પ્રગટ કરવા માટે કોઈ નિમિત્તનું કે પરનું અવલંબન કરવું પડે એવો તેનો સ્વભાવ નથી.

જુઓ, આ ચૈતન્યનો મહિમા! પોતામાં આવી અનંત શક્તિઓ ભરેલી છે તેનાથી જ આત્માનો મહિમા છે, એ સિવાય લક્ષ્મી વગેરે બાહ્ય વસ્તુઓથી આત્માનો મહિમા નથી. જેમ સાસરે જતાં કરિયાવર આપે, તેમ જેને મોક્ષમાં જવું હોય તેને આચાર્યદેવ આત્માનો કરિયાવર દેખાડે છે. જો ભાઈ! તારા આત્મામાં તારી અનંત શક્તિઓ ભરી છે તેના મહિમાને તું ઓળખ તો તેના અવલંબને અલ્પકાળમાં તારી સિદ્ધદશા પ્રગટી જશે. જેમ આત્મવસ્તુને કોઈએ બનાવી નથી પણ તેની સત્તા સ્વયંસિદ્ધ છે, તેમ તેના જ્ઞાનાદિ અનંત ગુણો પણ સ્વયં પ્રકાશમાન છે. શું ઇન્દ્રિયો છે માટે આત્મા છે? શું મન છે માટે આત્મા છે? શું પુણ્ય–પાપ છે તેથી આત્મા ટક્યો છે? ના, ઇન્દ્રિયોને લીધે, મનને લીધે કે પુણ્ય–પાપને લીધે આત્મા ટકેલો નથી પણ આત્મા તો સ્વયંસિદ્ધ અનાદિ–અનંત તત્ત્વ છે, તેની જ્ઞાનાદિ અનંતશક્તિઓ પણ સ્વયંસિદ્ધ અનાદિ–અનંત પ્રકાશમાન છે અને તેની સમયસમયની અવસ્થા પણ પોતાથી જ સ્વયં થાય છે. જુઓ, આ આત્માની પ્રકાશશક્તિનો મહિમા! આત્માના આવા મહિમાને જાણે તો અપૂર્વ કલ્યાણ પ્રગટે.

પોતાથી બહારના પદાર્થો છે તેમાં ભળ્યા વગર તેને સ્પષ્ટ પ્રકાશવાનો આત્માનો સ્વભાવ છે. તે બહારના પદાર્થોને લીધે કાંઈ આત્મા તેમને પ્રકાશતો નથી પણ સ્વતઃ પોતાના પ્રકાશસ્વભાવથી જ તે પ્રકાશે છે. પરને જાણવા માટે બહારનું અવલંબન લેવું પડે એવો આત્માનો સ્વભાવ નથી. આત્મા ત્રિકાળ છે, તે સ્વયં સત્‌ છે, કોઈથી તે બનેલો નથી, તેમ આત્માના જ્ઞાનાદિ અનંત ગુણોમાં પણ સ્વયં પ્રકાશવાનો સ્વભાવ છે. પર્યાયમાં પરના અવલંબનને લીધે એક સમયપૂરતો જે વિકાર થાય છે તે આત્માનો સ્વભાવ નથી, તેના ઉપર ધર્મીની દ્રષ્ટિ નથી; તેમજ તેના આશ્રયે આત્માને ધર્મ થતો નથી. જો જ્ઞાન પોતાના આત્માનો આશ્રય છોડીને રાગના અને પરના આશ્રયે જ કામ કરે તો ત્યાં અધર્મ થાય છે. પરથી તો આત્મા જુદો છે ને પોતાના એક અંશમાં વિકાર છે તેમાં અહંબુદ્ધિ છોડીને ત્રિકાળી ધ્રુવસામર્થ્યથી પરિપૂર્ણ આત્મસ્વભાવની શ્રદ્ધા–જ્ઞાન કરવાની તાકાત આત્મામાં અનાદિ–અનંત છે, ને તે

શ્રદ્ધા-જ્ઞાન આત્માના પોતાના જ અવલંબને થાય છે, તેથી તે સ્વયં પ્રકાશમાન છે, આવા શ્રદ્ધા-જ્ઞાન કરવાથી જ જીવને ધર્મ થાય છે. આ સિવાય પરના આશ્રયે જે શ્રદ્ધા-જ્ઞાન થાય તેનાથી ખરેખર જીવને કાંઈ લાભ થતો નથી. રાગનો કે નિમિત્ત વગેરે પરનો આશ્રય કરીને તેનાથી આત્માને કાંઈ લાભ થાય-એવો કોઈ ગુણ આત્મામાં નથી, તેમ જ પરમાં પણ એવો કોઈ ગુણ નથી કે તેમનો આશ્રય કરવાથી આત્માને તે કાંઈ લાભ આપે! પરના આશ્રયે થતા કોઈ પણ ભાવથી આત્માને લાભ થાય એવી માન્યતા તે મિથ્યાબુદ્ધિ છે. પરના આશ્રયે લાભ થવાનું જે માને તે પરનો આશ્રય છોડીને આત્માનો આશ્રય કરે જ ક્યાંથી? પરના આશ્રયે લાભ થવાનું માનનારને આત્માનો મહિમા નથી પણ પરનો મહિમા છે, એટલે તે જીવ મિથ્યાદ્રષ્ટિ અધર્મી છે.

ઘણા જીવો નિમિત્તને લીધે આત્માને લાભ-નુકસાન થવાનું માની રહ્યા છે, તે નિમિત્તાધીનદ્રષ્ટિવાળા જીવો તો સ્થૂળ મિથ્યાદ્રષ્ટિ છે. નિમિત્ત એટલે પરદ્રવ્ય, તે આત્માને કાંઈ પણ લાભ કે નુકસાન કરી શકે નહિ. ખોટા દેવ-ગુરુ-શાસ્ત્ર તો ધર્મનાં નિમિત્ત પણ નથી, ને સાચા દેવ-ગુરુ-શાસ્ત્ર પણ પોતાથી પર દ્રવ્ય છે, તેમના આધારે આત્માનું જ્ઞાન થતું નથી પણ આત્માના પોતાના આધારે જ જ્ઞાન થાય છે. -આવા સ્વાશ્રયની પ્રતીતમાં મુક્તિનો પરમ પુરુષાર્થ છે. આત્મા અનાદિ-અનંત સ્વયંસિદ્ધ છે ને તેની ત્રણેકાળની અવસ્થાઓ પણ સ્વયંસિદ્ધ છે, તેની કોઇ પણ હાલત શું પરને લીધે થાય? પોતાની હાલત પરને લીધે થાય-એમ જે માને તે જીવ સ્વસન્મુખ પુરુષાર્થથી રહિત છે એટલે પરમાર્થે તે નપુંસક છે, સ્વભાવનો પુરુષાર્થ કરવાની ત્રેવડ તેનામાં નથી તેથી તે પુરુષ નથી; ઊંધી દ્રષ્ટિના ફળમાં પરંપરા તે નિગોદનો નપુંસક થઈ જશે. સ્વયં પ્રકાશમાન એવા આત્મસ્વભાવની દ્રષ્ટિનું ફળ સિદ્ધદશા છે ને નિમિત્તાધીનદ્રષ્ટિનું ફળ નિગોદદશા છે.

કેવો છે આત્માનો પ્રકાશસ્વભાવ? એક તો સ્વયં પ્રકાશમાન છે અને સ્પષ્ટ સ્વસંવેદનમય છે. સ્વયં પ્રકાશમાન છે એટલે આત્મા પોતાના સ્વરૂપસન્મુખ રહીને સ્વયં પ્રકાશે છે, તેથી તેમાં પ્રત્યક્ષપણું જ આવ્યું; પરલક્ષે જે જ્ઞાન થાય તે પરોક્ષ છે, તે ખરેખર સ્વયંપ્રકાશમાનસ્વભાવ નથી. પરલક્ષે જે પરોક્ષ જ્ઞાન થાય છે તેનાથી સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કે ચારિત્ર થતું નથી. પરનું લક્ષ છોડીને તેમ જ અવસ્થામાં પરલક્ષે થતા રાગાદિને હેય કરીને, જ્ઞાનને અંતર્મુખ કરીને ત્રિકાળી આત્મસ્વભાવની સન્મુખ થવું તે જ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન ને ચારિત્રનો ઉપાય છે. આત્માની સન્મુખ થઈને તેની પ્રતીત કર્યા સિવાય કદી પણ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન કે ચારિત્ર થતાં નથી.

આત્માનું સ્વરૂપ સ્વયં પોતાથી પ્રગટ થાય-તેવું છે, આખો આત્મા પોતે પોતાના સ્વસંવેદનથી પ્રત્યક્ષ અનુભવમાં આવે છે-એવો તેનો સ્વભાવ છે; પરોક્ષપણું રહે એવો તેનો સ્વભાવ નથી. પરના લક્ષે આત્માનો લાભ થશે-એમ માનનાર મિથ્યાદ્રષ્ટિ છે, તેને આત્માના સ્વભાવની ખબર નથી. નિમિત્તના અવલંબને જે પરોક્ષ જ્ઞાન થાય તે આત્માનો ત્રિકાળસ્વભાવ નથી, એક સમયની પર્યાયની તે લાયકાત છે પણ તે હેય છે, સ્વયં પ્રકાશમાન એવો પ્રત્યક્ષ જ્ઞાનપિંડ જ ઉપાદેય છે. પરોક્ષજ્ઞાનથી લાભ થાય એવો કોઈ ગુણ આત્મામાં નથી પણ પ્રત્યક્ષ સ્વસંવેદનરૂપ એવા પોતાના આત્મસ્વભાવના આશ્રયે પૂર્ણ લાભ પામી શકે-એવી શક્તિ આત્મામાં ત્રિકાળ છે.

આત્મામાં પ્રકાશશક્તિ છે, તે પ્રકાશશક્તિ ક્યાંય પુસ્તકમાં કે ભાષામાં રહેલી નથી પણ આત્માના જ્ઞાન ભેગી રહેલી છે તેથી આત્મા પોતે સ્વયં પ્રકાશે છે. પહેલાં મંગલાચરણમાં પણ આચાર્યદેવે કહ્યું હતું કે **'नमः समयसाराय स्वानुभूत्या चकासते'** પોતે પોતાની જ અનુભૂતિથી પ્રકાશમાન-એવા શુદ્ધ આત્માને નમસ્કાર. નિમિત્ત-વ્યવહાર કે પરોક્ષજ્ઞાનના અવલંબન વિના જ ચિદાનંદમૂર્તિ ભગવાનઆત્મા સ્વયં પોતાના સ્વભાવથી જ પ્રકાશમાન છે. ખરેખર આવા આત્મસ્વભાવમાં કોઈ નિમિત્ત-રાગ-વ્યવહાર કે પરોક્ષજ્ઞાન છે જ નહિ, એટલે તે નિમિત્ત-રાગ-વ્યવહાર કે પરોક્ષજ્ઞાનનો અભાવ કરવાની વાત પણ રહેતી નથી, સ્વયં પ્રકાશશક્તિવાળા શુદ્ધ આત્માનું અવલંબન લેતાં તે સિવાય બીજા બધાનું અવલંબન છૂટી જાય છે. નિમિત્તના લક્ષે જે જ્ઞાન તથા રાગ થાય તે પરાશ્રિત વ્યવહાર છે, તેને લીધે આત્માના કોઈ ગુણોનો વિકાસ થાય-એમ તો નથી, તેમ જ તે પરાશ્રિત વ્યવહારનો અભાવ કરે-એવા કોઈ ગુણ પણ આત્મામાં નથી, કેમકે સ્વભાવમાં તો તેનો અભાવ છે જ, અને સ્વભાવથી પ્રકાશમાન એવા આત્માનું અવલંબન લેતાં પર્યાયમાંથી પણ તે પરાશ્રિત જ્ઞાન તથા રાગનો અભાવ સહેજે થઈ જાય છે, અર્થાત્ સ્વાશ્રિત પર્યાયમાં તે પરાશ્રિતભાવની ઉત્પત્તિ જ થતી

નથી. વ્યવહારના આશ્રયથી આત્માને લાભ થાય એમ તો બનતું નથી અને વ્યવહારના લક્ષે વ્યવહારનો અભાવ કરવા માગે-તો એમ પણ બનતું નથી. 'આ વ્યવહાર છે અને તેનો અભાવ કરું' -એવા વિકલ્પથી વ્યવહારનો અભાવ થતો નથી પણ રાગની ઉત્પત્તિ થાય છે, શુદ્ધ આત્માની સન્મુખતા વડે સ્વયં પ્રકાશશક્તિનું પરિણમન પ્રગટતાં પરાશ્રયરૂપ વ્યવહારનો અભાવ થઈ જાય છે. જેમ સૂર્યના પ્રકાશનો વિસ્તાર થાય ત્યાં અંધારું રહેતું જ નથી તેમ સ્પષ્ટ સ્વાનુભવ વડે જ્યાં આત્માની સ્વયં પ્રકાશમાન શક્તિ વિસ્તાર પામે ત્યાં પરાશ્રયભાવરૂપ વ્યવહાર, રાગ કે પરોક્ષજ્ઞાન રહેતાં નથી; પોતે પોતાથી પોતાનું પ્રત્યક્ષ સ્વસંવેદન કરે એવો આત્માનો પ્રકાશસ્વભાવ છે, ને પરોક્ષપણાનો તેમાં અભાવ છે. જેમ જેમ આત્માનું પ્રત્યક્ષ સ્વસંવેદન વધતું જાય છે તેમ તેમ પરોક્ષપણું છૂટતું જાય છે. દેવ-ગુરુના અવલંબને, શાસ્ત્રના અવલંબને, ઇન્દ્રિયો વગેરે નિમિત્તના અવલંબને કે મનના વિકલ્પથી જ્ઞાન કરવાનો આત્માનો સ્વભાવ નથી તથા પરોક્ષજ્ઞાન પણ આત્માનો સ્વભાવ નથી પણ પોતે પોતાના સ્વભાવથી જ પ્રત્યક્ષ સ્વાનુભવ કરે-એવી પ્રકાશશક્તિ આત્મામાં સદાય છે. જોકે સાધકને હજી પૂર્ણ પ્રત્યક્ષજ્ઞાન પ્રગટયું નથી ને પરોક્ષજ્ઞાન પણ વર્તે છે, પરંતુ તેને આત્માના સ્વભાવનું એક અંશે પ્રત્યક્ષ સ્વસંવેદન થઈ ગયું છે. જો અંશે પણ પ્રત્યક્ષ સંવેદન ન થયું હોય ને સર્વથા પરોક્ષ જ જ્ઞાન હોય તો તે જીવ અજ્ઞાની છે; અને જો સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદન પ્રગટી ગયું હોય ને કિંચિત્ પણ પરોક્ષપણું ન હોય-તો તે જીવ કેવળજ્ઞાની હોય. સાધક જીવને પ્રતીતમાં તો સંપૂર્ણ પ્રત્યક્ષ સ્વસંવેદનમય આત્મા આવી ગયો છે, અને પર્યાયમાં અંશે સ્વસંવેદનપ્રત્યક્ષ પ્રગટયું છે તથા અંશે પરોક્ષપણું પણ છે; પરંતુ સાધકની પ્રતીતનું જોર સ્વયંપ્રકાશમાન પરિપૂર્ણ પ્રત્યક્ષસ્વસંવેદનમય સ્વભાવ ઉપર હોવાથી તેની દ્રષ્ટિમાં પરોક્ષપણું ગૌણ છે, સ્વભાવના આશ્રયે તે પોતાની પૂર્ણતાને સાધે છે.

યથાર્થપણે આત્માની એક પણ શક્તિને સમજે તો શક્તિમાન એવો આખો આત્મા અને સમસ્ત જૈનશાસન સમજવામાં આવી જાય છે. સમસ્ત જૈનશાસનનો સાર શુદ્ધ આત્મા છે, તેથી જે શુદ્ધ આત્માને સમજ્યો તેણે સમસ્ત જૈનશાસન જાણ્યું. પર્યાયમાં તો વ્યવહાર, પરોક્ષપણું અને નિમિત્ત વગેરે છે ત્યારે તો તેનો નિષેધ કરવામાં આવે છે. પર્યાયમાં વ્યવહાર, પરોક્ષપણું અને નિમિત્તનું અવલંબન અનાદિથી ચાલ્યા આવે છે પણ તેના અવલંબને લાભ થતો નથી. માટે અહીં આચાર્યદેવ કહે છે કે અરે જીવ! તારી પૂર્ણ શક્તિ તારામાં ભરી છે તેને તું સંભાળ અને તેનું અવલંબન કર. અનાદિથી પોતાની સ્વભાવશક્તિને ભૂલીને નિમિત્તના અવલંબને જ્ઞાન કરતો આવ્યો છે છતાં પોતાની સ્વયં પ્રકાશરૂપ શક્તિનો અભાવ થયો નથી. તારા સ્વસંવેદન પ્રત્યક્ષ આત્માની એકવાર હા તો પાડ! -કઈ રીતે? કે ઇન્દ્રિયો અને મનથી પાર થઈને સ્વયં પ્રકાશમાન એવા આત્માના પ્રત્યક્ષ સ્વાનુભવપૂર્વક એકવાર હા પાડ, તો તારા ભવભ્રમણનો નાશ થઈ જાય.

આત્મામાં પ્રકાશશક્તિ છે તે સ્વયંપ્રકાશમાન છે અને સ્પષ્ટ સ્વસંવેદનમય છે, એટલે તેમાં પરના અવલંબનનો કે પરોક્ષપણાનો અભાવ છે. પરોક્ષજ્ઞાન થવાનો આત્માનો સ્વભાવ નથી, આત્માનો સ્વભાવ તો પ્રત્યક્ષ-સ્પષ્ટ જ્ઞાન કરવાનો છે. આવા જ્ઞાનસ્વભાવની પ્રતીત અને અનુભવ કરે તેણે આત્માની પ્રકાશશક્તિને ખરેખર જાણી કહેવાય.

જાુઓ, આ આત્માનો પ્રકાશ! આ સિવાય બીજા લોકો એમ કહે છે કે 'આત્માના ધ્યાનમાં અમને પ્રકાશનો પૂંજ દેખાય છે,' -તે તો તેમની ભ્રમણા છે. હજી આત્મા કેવો છે તેની ખબર પણ નથી તો તેનું ધ્યાન ક્યાંથી હોય? આત્મામાં કાંઈ મૂર્તિક પ્રકાશ નથી પણ ચૈતન્યપ્રકાશ છે. ખરેખર જ્ઞાનપ્રકાશી આત્મા જ બધાનો પ્રકાશક છે; જો આત્માનો જ્ઞાનપ્રકાશ ન હોય તો સૂર્ય વગેરેના પ્રકાશને જાણે કોણ? સૂર્યનો પ્રકાશ પોતે પોતાને જાણતો નથી, તેને જાણનારું તો જ્ઞાન છે, અને તે જ્ઞાન સ્વયં પ્રકાશમાન છે, તે પોતે પોતાને પણ પ્રત્યક્ષ જાણે છે. આ પ્રત્યક્ષ સ્વસંવેદનમય પ્રકાશશક્તિ આત્માના બધા ગુણોમાં વ્યાપેલી છે, તે કાંઈ જાુદી નથી રહેતી, તેથી તે એક શક્તિની પ્રતીત કરવા જતાં અનંત ગુણનો પિંડ આખો આત્મા જ દ્રષ્ટિમાં આવી જાય છે. અખંડ આત્માને દ્રષ્ટિમાં લીધા વિના તેની એકેક શક્તિની યથાર્થ પ્રતીત થતી નથી. આ બાબતમાં પાંચ બોલ અગાઉ કહેવાઈ ગયા છે, તે અહીં પણ લાગુ પાડવા.

[ અપૂર્ણ ]

# 'આત્મા કોણ છે ને કઈ રીતે પમાય ?'
## ( ૧૨ )

**શ્રી પ્રવચનસારના પરિશિષ્ટમાં ૪૭ નયોદ્વારા આત્મદ્રવ્યનું વર્ણન કર્યું છે, તેના ઉપર પૂ. ગુરુદેવશ્રીનાં વિશિષ્ટ અપૂર્વ પ્રવચનોનો સાર ( અંક ૧૦૮ થી ચાલુ )**

*** શ્રી પ્રવચનસારના પરિશિષ્ટમાં જિજ્ઞાસુ શિષ્ય પૂછે છે કે: પ્રભો ! 'આ આત્મા કોણ છે અને કઈ રીતે પ્રાપ્ત કરાય છે ?**

*** તેના ઉત્તરમાં શ્રી આચાર્યદેવ કહે છે કે 'આત્મા અનંત ધર્મોવાળું એક દ્રવ્ય છે અને અનંત નયાત્મક શ્રુતજ્ઞાન-પ્રમાણ પૂર્વક સ્વાનુભવ વડે તે જણાય છે.'**

*** આવા આત્મદ્રવ્યનું ૪૭ નયોથી વર્ણન કર્યું છે, તેમાંથી ૨૧ નયો ઉપરના પ્રવચનો અત્યાર સુધીમાં આવી ગયા છે, તે ટૂંકમાં નીચે પ્રમાણે છે-**

( ૧-૨ ) દ્રવ્યનયથી આત્મા ચિન્માત્ર છે;

પર્યાયનયથી આત્મા દર્શન-જ્ઞાનાદિ માત્ર છે.

( ૩થી૯ ) અસ્તિત્વનયથી આત્મા સ્વદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે અસ્તિત્વવાળો છે; નાસ્તિત્વનયથી આત્મા પરદ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવે નાસ્તિત્વવાળો છે; અસ્તિત્વ-નાસ્તિત્ત્વનયથી આત્મા અસ્તિત્વ-નાસ્તિત્વવાળો છે; આ પ્રમાણે બાકીના ચાર ભાગો પણ સમજી લેવા.

( ૧૦-૧૧ ) વિકલ્પનયથી આત્મા સવિકલ્પ ( અર્થાત્ ભેદવાળો ) છે; અવિકલ્પનયથી આત્મા અવિકલ્પ ( અર્થાત્ અભેદ ) છે.

( ૧૨થી૧૫ ) નામનયથી આત્મા શબ્દબ્રહ્મને સ્પર્શનારો છે એટલે કે શબ્દથી તે વાચ્ય થાય છે;

સ્થાપનાનયથી આત્મા સર્વ પુદ્ગલોને અવલંબનારો છે એટલે કે પુદ્ગલમાં સ્થાપના વડે તેને ઓળખાવી શકાય છે; દ્રવ્યનયથી આત્મા ભૂત અને ભવિષ્યની પર્યાયરૂપે પ્રતિભાસે છે; એટલે કે ભવિષ્યની પર્યાયો પણ દ્રવ્યમાં નિશ્ચિત છે, ભવિષ્યમાં જે દ્રવ્યમાં જે પર્યાય થવાનું નિશ્ચિત છે તે પર્યાયરૂપે તે દ્રવ્ય વર્તમાનમાં પ્રતિભાસે છે, આવા દ્રવ્યસ્વભાવનો નિર્ણય કરતાં દ્રવ્યસન્મુખ દ્રષ્ટિથી વીતરાગી જ્ઞાયકપણાનો અપૂર્વ સમ્યક્ પુરુષાર્થ થાય છે. -આ વાત વિસ્તારથી અને વિશિષ્ટ ઢબે પૂ. ગુરુદેવશ્રીએ આ દ્રવ્યનય ઉપરના પ્રવચનમાં સમજાવી છે;

ભાવનયથી આત્મા તત્કાળની વર્તમાન પર્યાયરૂપે ઉલ્લસે છે, પ્રતિભાસે છે.

( ૧૬-૧૭ ) સામાન્યનયથી આત્મા પોતાના સર્વ પર્યાયોમાં વ્યાપક છે; વિશેષનયથી આત્મા અવ્યાપક છે કેમકે તેની એક પર્યાય બધી પર્યાયોમાં વ્યાપતી નથી.

( ૧૮-૧૯ ) નિત્યનયથી આત્મા નિત્ય ટકનારો છે; અનિત્યથી આત્મા અનિત્ય છે.

( ૨૦-૨૧ ) સર્વગતનયથી આત્મા સર્વવર્તી છે; આત્મા પોતાના જ્ઞાનસામર્થ્યથી સમસ્ત પદાર્થોને જાણી લે છે તે અપેક્ષાએ તેને સર્વવર્તી કહેવામાં આવે છે;

અસર્વગતનયથી આત્મા આત્મવર્તી છે; સમસ્ત પદાર્થોને જાણવા છતાં આત્મા પરમાં તન્મય થઈ જતો નથી, પણ પોતામાં જ તન્મય રહે છે-તેથી તે આત્મવર્તી છે.

ઉપર પ્રમાણે એકવીસ નયોથી આત્માનું વર્ણન અત્યારસુધીમાં આવી ગયું છે, ત્યારપછી આગળનું અહીં આપવામાં આવે છે. અહીં એ ખાસ ધ્યાન રાખવું કે શુદ્ધચૈતન્યસ્વભાવની દ્રષ્ટિપૂર્વકના આ બધા નયો છે; શુદ્ધચૈતન્યસ્વભાવની દ્રષ્ટિ વગરના નયો તે તો મિથ્યા છે.

તેથી ૪૭ નયોનું વર્ણન કરીને પછી છેલ્લે આચાર્યદેવ કહેશે કે 'આ રીતે સ્યાત્કારશ્રીના વસવાટને વશ વર્તતા નયસમૂહો વડે જાુએ તોપણ અને પ્રમાણ વડે જાુએ તોપણ સ્પષ્ટ અનંત ધર્મોવાળા નિજ આત્મદ્રવ્યને અંદરમાં શુદ્ધ ચૈતન્યમાત્ર દેખે છે જ.' આત્માના જેટલા ધર્મો છે તે બધાય શુદ્ધ ચૈતન્યદ્રવ્યના આશ્રયે જ અભેદપણે રહેલા છે; તે શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર દ્રષ્ટિ જાય તે જ બધા નયોનું પરમાર્થ તાત્પર્ય છે.

## (૨૨) શૂન્યનયે આત્માનું વર્ણન

આત્મદ્રવ્ય શૂન્યનયે, શૂન્ય (-ખાલી) ઘરની માફક, એકલું (અમિલિત) ભાસે છે. જેમ ખાલી ઘરમાં બીજાું કોઈ ન હોય તેમ શૂન્યનયથી જોતાં આત્મા પરથી તદ્ન ખાલી એકલો છે, તે કોઈ સાથે મળેલો નથી.

આત્મામાં પરનો બિલકુલ અભાવ છે એટલે પરથી આત્મા તદ્ન ખાલી એકાકી છે; જેમ ઘર ખાલી પડયું હોય તેમ આત્માનું ચૈતન્યઘર પરથી તદ્ન ખાલી છે, ચૈતન્યઘરમાં કોઈ પરનો પ્રવેશ નથી. ખરેખર ત્રિકાળી ચૈતન્યઘરમાં વિકલ્પનો પણ પ્રવેશ નથી. શૂન્યનયથી જોતાં આત્મા એકલો દેખાય છે; એકલો એટલે બીજાના સંબંધ વગરનો; પોતામાં પોતાના અનંત ધર્મો તો એકપણે છે પણ પરથી તે બિલકુલ ખાલી હોવાથી એકલો છે. આત્મા નિજસ્વભાવથી તો પરિપૂર્ણ ભરેલો છે, પણ પરથી તે ખાલી છે. આવા આત્માને જે જાણે તેને પરમાંથી સુખ લેવાની મિથ્યાબુદ્ધિ ન રહે, એટલે પરાશ્રિત બુદ્ધિ છૂટીને એકલા આત્માના આશ્રયે સ્વભાવનું સુખ પ્રગટે.

અહો! મારો આત્મા કોઈ પરજ્ઞેયોની સાથે મળેલો નથી, એકલો ખાલી જ્ઞાનપિંડ જ છે-આમ જે જીવ પોતાના આત્માને પ્રતીતમાં લ્યે તે જીવ પછી કોનો વળગાડ રાખે? એકલા જ્ઞાનપિંડનો જ આશ્રય રાખીને પરથી તદ્ન ઉદાસીન-વીતરાગ થઈ જાય.

બાહ્યદ્રષ્ટિથી જીવોને એમ લાગે છે કે અમને ઘણી ઉપાધિ વળગી છે. પણ અરે ભાઈ! બહારની કાંઈ પણ ઉપાધિ તારા આત્મામાં નથી, કેમકે બહારની ચીજનો તો તારામાં સદાય અભાવ જ છે. પર પદાર્થો તને વળગ્યા નથી પણ તું પોતાના સ્વભાવમાં સ્થિત ન રહેતાં જે પરાશ્રયભાવ કરે છે તે પરાશ્રયભાવની જ તને ઉપાધિ છે. એકાકી જ્ઞાનસ્વભાવની પ્રતીત કરીને તેનું અવલંબન લે તો તે ઉપાધિભાવ છૂટી જાય.

## ..... વિ....ક....થા....

આત્માના સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રથી વિરુદ્ધ ભાવને કોઈ ધર્મ કહે તો તે વિકથા છે.

અનંતવાર મનુષ્ય થયો, ત્યાં પણ ધર્મના નામે વિકથા જ સાંભળી. કદાચ સત્ય સાંભળવા મળેલું, પણ અંતર્શ્રદ્ધા થઈ નથી, શુભરાગમાં જ ધર્મ માનીને અટક્યો, તેથી તે જીવને માટે તો તે બંધકથા (-વિકથા) થઈ.

-સમયસાર પ્રવચનો ભાગ ૧, પૃ. ૧૧૬, ૧૨૧

## અંધકાર અને પ્રકાશ

અંધારામાં જાુઓ તો સોનું, લોઢું, લાકડું વગેરે બધી ચીજો એક જેવી લાગે, પણ જાુદાઈ જણાય નહિ. અને દીપકના પ્રકાશ વડે જોતાં તે ચીજો જાુદી જાુદી જેમ છે તેમ જણાય છે; તેમ અજ્ઞાનરૂપી અંધારામાં આત્મા અને પરચીજો એકમેક ભાસે છે પણ આત્માનું પરથી જાુદાપણું ભાસતું નથી. આત્માને પરથી જાુદો જાણવા માટે પ્રથમ જ સમ્યગ્જ્ઞાનરૂપ પ્રકાશ જોઈએ. આ (સમ્યગ્જ્ઞાન) પહેલામાં પહેલો આત્મધર્મનો એકડો છે.

-સમયસાર પ્રવચનો ભાગ ૧, પૃ. ૮૧

જેમ ચારે બાજુ મજબૂત સળિયાવાળા મકાનમાં કોઈ માણસ એકલો રહેતો હોય, અને બહારમાં સિંહ વગેરે ફરતા હોય, 'ત્યાં તે માણસ ઘરમાં બેઠો બેઠો સિંહને જુએ છે, પણ સિંહનો ઘરમાં પ્રવેશ થતો નથી એટલે તે સિંહ તેને શું કરી શકે? તેમ આ અસંખ્યપ્રદેશી ચૈતન્ય-મકાનમાં જ્ઞાનસ્વભાવી આત્મા એકલો છે, પર ચીજથી તે તદ્દન ખાલી છે; આત્મા પોતાના જ્ઞાનમાં રહીને બધાને જાણે છે, પણ પરનો તેનામાં પ્રવેશ જ નથી એટલે કોઈ પરથી તેને લાભ-નુકસાન થાય એમ નથી. આત્માના આવા એકાકી સ્વભાવને ઓળખે તો સમ્યગ્જ્ઞાન થાય. હું પરથી તદ્દન ખાલી એકલો ચૈતન્યજ્યોત છું, શરીર-મન-વાણી વગેરેનો મારા સ્વરૂપમાં પ્રવેશ નથી ને 'એકલું જ્ઞાન' કહેતાં તેમાં વિકાર પણ નથી, એકલું જ્ઞાન જ છે- આમ પરથી શૂન્ય એકાકી જ્ઞાનસ્વભાવપણે આત્માને જોનાર જ્ઞાનકિરણને 'શૂન્યનય' કહેવાય છે.

આત્મા જ્ઞાનપ્રકાશથી ભરેલો છે તેને બદલે અજ્ઞાની જીવ આત્માને પરસંયોગથી અને વિકારથી ભરેલો માને છે. ભગવાનઆત્મા પરથી તદ્દન ખાલી અને ચૈતન્યપ્રકાશથી ભરેલો છે, તેને બદલે પરસંયોગથી જે આત્માની મહત્તા માને છે તેણે આત્માના મહિમાને જાણ્યો નથી; ઉકરડાના કચરાથી ઘર ભરે તે ભર્યાં ન કહેવાય. આ સંબંધમાં એક દ્રષ્ટાંતઃ- એક શેઠ પાસે બે માણસો નોકરીમાં રહેવા માટે આવ્યા. શેઠે બંનેની પરીક્ષા કરવા માટે તેમને ચાર ચાર પૈસા આપ્યા અને કહ્યું કે 'આ પૈસાનો માલ લાવીને ઓરડો ભરી દ્યો.' તે બેમાંથી એક મૂરખ હતો; તેણે વિચાર્યું કે ક્યા માલથી ઓરડો ભરવો? કોઈ માલ ન જડયો એટલે તેણે મજૂરને ચાર પૈસા આપીને તેની પાસે ઉકરડાનો કચરો ઉપડાવી તેનાથી ઓરડો ભરી દીધો! બીજા માણસે વિચાર્યું કે શેઠ ચાર પૈસામાં ઓરડો ભરી દેવાનું કહે છે તેમાં કાંઈક બીજો આશય લાગે છે. એમ વિચારી ચાર પૈસામાંથી બાકસ અને મીણબતી લઈ આવ્યો; અને અંધારામાં શેઠને બોલાવીને કહ્યું કે જુઓ શેઠ! આ ઓરડો પ્રકાશથી ભરી દઉં છું. -એમ કહીને બાકસથી મીણબત્તી સળગાવી, ત્યાં આખો ઓરડો પ્રકાશથી ભરાઈ ગયો. -ઓરડાનો કોઈ ભાગ પ્રકાશથી ખાલી નથી. આમ જુઓ તો ઓરડામાં અનાજ કે બીજી કોઈ વસ્તુ નથી, ઓરડો ખાલી છે, છતાં પ્રકાશ તો તેમાં બધેય ભરેલો છે. તેમ આત્મા પરથી તદ્દન ખાલી હોવા છતાં ચૈતન્યપ્રકાશથી ભરપૂર છે. જેને આવા આત્માનું ભાન નથી તે અજ્ઞાની જીવ, દ્રષ્ટાંતના મૂર્ખ માણસની જેમ આત્માને સંયોગથી ને વિકારથી જ ભરેલો માને છે; ને જ્ઞાની તો પોતાના આત્માને ચૈતન્યપ્રકાશથી ભરપૂર ને પરથી ખાલી જાણે છે. પર્યાયમાં વિકાર છે તેનો પણ તે પ્રકાશક છે. વિકાર આત્માની ક્ષણિક પર્યાયમાં જ છે ને ચૈતન્યપ્રકાશથી આત્મા ત્રિકાળ ભરેલો છે. સમ્યગ્જ્ઞાન આત્માને પોતાના દ્રવ્ય-ગુણ-પર્યાય ત્રણેથી ભરેલો બતાવે છે ને પરથી તેનું ખાલીપણું બતાવે છે. પર ચીજ વિના મારે ન ચાલે-એવી અજ્ઞાનીની માન્યતા છે તે મિથ્યા છે. 'પર ચીજ વિના મારે ન ચાલે' એમ જેણે માન્યું તેણે આત્માને પરથી ખાલી નથી માન્યો, પણ પરથી ભરેલો માન્યો છે; અને પરથી ભરેલો માન્યો તેણે આત્માને પોતાના સ્વભાવથી ખાલી માન્યો છે એટલે કે આત્માને ખરેખર માન્યો જ નથી. જીવમાં પર ચીજનો તો અભાવ જ છે એટલે ત્રણેકાળે તેને પરચીજ વિના જ ચાલી રહ્યું છે; મારે પર ચીજ વગર ન ચાલે-એમ-અજ્ઞાની માને ભલે, પરંતુ તે ઊંધી માન્યતા વખતે પણ તેને પર ચીજોના અભાવથી જ ચાલી રહ્યું છે. -આ વાત દરેક જીવોએ ખાસ સમજવા જેવી છે.

જુઓ આ કલ્યાણની રીત! જે જીવ પોતાના કલ્યાણ માટે ઝંખતો આવ્યો છે તેને આચાર્યદેવ કલ્યાણનો ઉપાય બતાવે છે. જેમ તીર્થંકર ભગવાનના જન્મકલ્યાણક વગેરે પ્રસંગે સૌધર્મ સ્વર્ગમાં સુઘોષ ઘંટ સ્વયં વાગે છે; તેમ હે ભાઈ! આ તારા કલ્યાણનો પ્રસંગ આવ્યો છે, તો સાચું સ્વરૂપ સમજીને તારા આત્માની સ્વતંત્રતાનો સુઘોષ ઘંટ વગાડ! 'અરેરે! સંયોગો પ્રતિકૂળ છે, કર્મ મને હેરાન કરે છે, કર્મનું જોર ઘણું છે' -એવા પ્રકારની ઊંધી ઘોષણા અને ઊંધી માન્યતા છોડ, અને 'અહો! મારો આત્મા કર્મ વગેરે પરદ્રવ્યોથી તો ત્રણેકાળે તદ્દન ખાલી જ છે, હું મારા ચૈતન્યભાવથી ત્રિકાળ ભરેલો છું, કોઈપણ પરદ્રવ્ય મારામાં પ્રવેશીને મારું અહિત કરવા સમર્થ નથી' -આમ સાચી સમજણની ઘોષણા જગાડ. અહો, હું મારા સ્વભાવથી પરિપૂર્ણ ભરેલો છું ને પરથી તદ્દન શૂન્ય છું એટલે મારા કલ્યાણ માટે મારા સિવાય કોઈ પણ પરનો આશ્રય મને નથી-આવી અપૂર્વ દ્રષ્ટિ થતાં જીવને પોતાના સ્વભાવના આશ્રયે સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટે છે ને તેનું કલ્યાણ થાય છે.

જુઓ, આત્મા કેવો છે તે અહીં ઓળખાવે છે. શરીર અને કર્મ વગેરે બધી પર વસ્તુથી તો આત્મા ખાલી છે, ને પોતાના અનંત ગુણ–પર્યાયોથી ભરેલો છે. પોતામાં ગતિ વગેરે પર્યાયની તથા જ્ઞાનાદિની જે યોગ્યતા છે તે તો પોતાનો ધર્મ છે. સંસાર પર્યાય વખતે તેનાથી આત્મા ખાલી નથી પણ તે વખતેય કર્મથી તો આત્મા ખાલી જ છે. શ્રેણિકને જે નરકપર્યાય થઈ તેનાથી તેનો આત્મા ખાલી નથી, કેમકે તે પણ પોતાનો અંશ છે અને પોતાની યોગ્યતાથી જ તે પર્યાય થઈ છે; કર્મને લીધે તેને નરકપર્યાય થઈ–એમ નથી, કેમકે શ્રેણિકનો આત્મા પણ કર્મથી તો ખાલી છે. આ પ્રમાણે સમજતાં કર્મની સન્મુખ જોવાનું રહેતું નથી પણ આત્માની સન્મુખ દ્રષ્ટિ જાય છે.

આત્મામાં કર્મ છે જ નહિ એટલે 'મેં કર્મ બાંધ્યા અને મારે તે ખપાવવા' એ વાત રહેતી નથી; તેમજ કર્મ તરફના વલણથી પોતામાં ક્ષણિક વિકારની જે યોગ્યતા છે તે પણ સ્વનો આશ્રય લેતાં ઉત્પન્ન થતી નથી. જો આત્મામાં જડ કર્મ પેસી ગયા હોય તો તો જડ કર્મ સાથે આત્મા એકમેક થઈ જાય, એટલે આત્મા જેમ જ્ઞાનથી ભરેલો છે તેમ કર્મથી પણ ભરેલો થઈ જાય. પણ કર્મથી તો આત્મા ત્રિકાળ ખાલી છે. હું જગતના બધાય પદાર્થોથી ખાલી એકાકી જ્ઞાનમૂર્તિ છું–આમ સમજે તો આત્મા કેટલો હળવો થઈ જાય! જેમ કોઈનું હૈયું ભરાઈ ગયું હોય, પછી તે કોઈક પાસે ખાલી કરીને હળવું કરે છે; તેમ અજ્ઞાની જીવ અનાદિથી પોતાને કર્મવાળો અને સંયોગવાળો માનીને મોહથી ભારે થઈ ગયો છે, તેને જ્ઞાની સમજાવે છે કે અરે આત્મા! તું શાંત થા, ધીરો થા; તારા એકાકી આત્મામાં કોઈ પણ અન્ય દ્રવ્યનો પ્રવેશ થતો જ નથી; એકવાર તો બધાય પદાર્થોને લક્ષમાંથી છોડી દે ને એકલા આત્મદ્રવ્યને જ લક્ષમાં લે. જો પોતાના આત્માને આ પ્રમાણે પરથી તદ્દન ખાલી સમજે તો જીવ એકદમ હળવો થઈ જાય એટલે કે તેના મોહનો નાશ થઈ જાય. હું પરનું કરું ને પર મારું કરે–એમ મફતનો પરનો બોજો પોતાના માથે માનીને અજ્ઞાની જીવ ફરે છે; જો પરના અભાવ રૂપ નિજ સ્વભાવને જાણે તો પોતાના આત્માને કોઈ પણ પરના બોજા વગરનો છૂટો અનુભવે. માટે આચાર્યદેવ કહે છે કે હે જીવ! તું કર્મથી ખાલીખમ છું એમ સમજીને એકવાર હળવો થઈ જા. જ્યાં પરથી ખાલીપણું સમજ્યો ત્યાં પર સામે જોવાનું ન રહ્યું પણ પોતામાં જ વળવાનું રહ્યું. પરથી હું ખાલી છું એમ જે સમજ્યો તેને પર્યાયબુદ્ધિ છૂટીને નિર્મળ સ્વભાવ ઉપર દ્રષ્ટિ ગયા વગર રહેશે નહિ. જેને નિમિત્ત સાથે એકત્વબુદ્ધિ હોય તેને વિકાર સાથે પણ એકતાબુદ્ધિ હોય જ છે, અને જ્યાં નિમિત્ત સાથેની એકતાબુદ્ધિ છૂટી ત્યાં વિકાર સાથેની એકતાબુદ્ધિ પણ છૂટયા વિના રહે નહિ. જ્યાં નિમિત્તથી ભિન્નપણું જાણીને પોતાના સ્વભાવમાં એકત્વબુદ્ધિ થઈ ત્યાં નિમિત્ત અને વિકાર–એ બંનેમાંથી એકત્વબુદ્ધિ છૂટી જાય છે.

જડકર્મની પ્રકૃત્તિને આત્મા બાંધે અને તે પ્રકૃતિનું ફળ આત્મામાં આવે–તે તો બધા નિમિત્ત નૈમિત્તિક સંબંધના કથનો છે. ખરેખર જડ કર્મનો બંધ, ઉદય, સત્તા, ઉપશમ, ક્ષયોપશમ કે ક્ષય વગેરે જેટલી અવસ્થા છે તે બધી પુદ્ગલમાં છે, આત્મામાં નથી, આત્મા તેનાથી શૂન્ય છે. જે આવું ભિન્નપણાનું ભાન કરે તે જ નિમિત્તનૈમિત્તિક સંબંધને યથાર્થ જાણી શકે. જેને હજી જીવ અને કર્મની તદ્દન ભિન્નતાનું ભાન ન હોય તેને નિમિત્ત–નૈમિત્તિક સંબંધનું યથાર્થ જ્ઞાન હોય જ નહિ. પરથી આત્મા શૂન્ય છે એમ નક્કી કરનારની દ્રષ્ટિ પર ઉપરથી ખસીને સ્વ તરફ વળી જાય છે, એટલે જેને પોતાના સ્વભાવની દ્રષ્ટિ થઈ છે તેને જ ખરો 'શૂન્યનય' હોય છે.

'બ્રહ્મ સત્ ને જગત મિથ્યા' એમ અજ્ઞાનીઓ માને છે તે તો જૂઠી વાત છે, તેને કાંઈ 'શૂન્યનય ન કહેવાય. જગતમાં આત્મા સિવાયની પર ચીજો પણ નિજ નિજ સ્વરૂપે સત્ છે પરંતુ આત્મામાં પર ચીજ નથી– આમ જે જાણે તેને જ 'શૂન્યનય' હોય છે.

'નાસ્તિત્વ નય' એમ બતાવે છે કે આત્મા પરપણે નથી, અને આ 'શૂન્યનય' એમ બતાવે છે કે આત્મામાં પર નથી; એક તો આત્માનું પરમાં નહિ હોવાપણું બતાવે છે ને બીજો, પરનું આત્મામાં નહિ હોવાપણું બતાવે છે.

**પ્રશ્ન** :- જો આત્મા કર્મથી ખાલી હોય તો, એકનું શરીર નિરોગી ને બીજાનું રોગી, એક નિર્ધન ને બીજો સધન–એવા ફેરફાર કેમ દેખાય છે?

**ઉત્તર** :- અરે ભાઈ! તે નિરોગી કે રોગી શરીર તથા પૈસા વગેરેથી પણ આત્મા ખાલી જ છે, તે કોઈ ચીજો આત્મામાં આવી જ નથી. કર્મ પણ તારામાં નથી ને શરીરાદિ પદાર્થો પણ તારામાં નથી. તારા આત્માના અસંખ્ય

ચૈતન્યપ્રદેશમાં જે પેસે તે ચીજ જ તારી કહેવાય. શરીર કે કર્મ વગેરે કોઈ ચીજ તારા આત્મપ્રદેશમાં પેસતી નથી.

**પ્રશ્ન** :- જો આત્મામાં જ્ઞાનાવરણીય કર્મ ન હોય તો જ્ઞાનની હીણી અવસ્થા કેમ ?

**ઉત્તર** :- જુઓ ભાઈ, જીવ પોતાના કારણે જ્યારે જ્ઞાનની હીણી અવસ્થારૂપે પરિણમે છે ત્યારે જગતમાં નિમિત્ત તરીકે જ્ઞાનાવરણીયકર્મ છે પણ આત્મામાં તો તેનો અભાવ જ છે. પોતાનો નૈમિત્તિકભાવ પોતામાં છે પણ નિમિત્તનો તો પોતામાં અભાવ જ છે. જ્ઞાનાવરણીય કર્મને લીધે જ્ઞાનની હીણી અવસ્થા થઈ નથી, પણ જ્ઞાનની પોતાની લાયકાતથી જ તેનું હીણું પરિણમન થયું છે. માટે આમ સમજીને, 'કર્મનો ઉદય જીવને હેરાન કરે' –એવી પોકને બંધ કરીને તારું હૈયું હળવું કર, ને આત્માની સંભાળ કર. કર્મનો ઉદય, ઉપશમ, ક્ષયોપશમ વગેરે બધાથી આત્મા ખાલી છે માટે તેની દ્રષ્ટિ છોડીને તારા જ્ઞાનાનંદસ્વરૂપ આત્મા ઉપર દ્રષ્ટિ કર, તે જ કલ્યાણનો ઉપાય છે.

મારો આત્મા પરથી તદ્દન ખાલી એકાકી છે–આ વાત સમજે તો નિમિત્તબુદ્ધિ ટળી જાય, અને નિમિત્તબુદ્ધિ ટળતાં પોતાની પર્યાયમાં અંશબુદ્ધિ પણ ટળીને ત્રિકાળી સ્વભાવની દ્રષ્ટિ થાય અને અનુક્રમે વીતરાગી ચારિત્ર પ્રગટીને મોક્ષદશા થયા વિના રહે નહિ.

શ્રવણના શબ્દોથી આત્મા ખાલી છે પણ તેના જ્ઞાનથી આત્મા ખાલી નથી, એટલે શબ્દને લીધે મને જ્ઞાન થાય–એ વાત ન રહી, પણ જ્ઞાનસ્વભાવનું જ અવલંબન રહ્યું.

અસાતા વેદનીયને લીધે શરીરમાં સર્પ કરડયો; તો ત્યાં અસાતાવેદનીયકર્મ કાંઈ આત્મામાં આવી જતું નથી, સર્પ પણ આત્મામાં નથી, સર્પનું ઝેર પણ આત્મામાં નથી, અને જે શરીરને સર્પ કરડયો તે શરીર પણ આત્મામાં નથી; આત્મા તે બધાયથી ખાલી એકાકી ચૈતન્યબિંબ છે. આત્માનું આવું સ્વરૂપ સમજે તો ક્યાંય પરથી લાભ–નુકસાનની બુદ્ધિ ન રહે, એટલે પરાશ્રય છૂટીને સ્વાશ્રિત વીતરાગી શ્રદ્ધા–જ્ઞાન–ચારિત્ર પ્રગટે.

ચૈતન્યમૂર્તિ ભગવાન આત્મામાં તીર્થંકર નામકર્મનો તથા સમવસરણાદિનો પણ અભાવ છે. તીર્થંકરભગવાનનો આત્મા પોતાના કેવળજ્ઞાનાદિથી ભરેલો છે પણ સમવસરણાદિથી તો ખાલી છે. જે જીવ આવું ન સમજે તેને, જેનાથી તીર્થંકર નામકર્મ બંધાય એવા પ્રકારનો શુભરાગ પણ હોય નહિ, કેમકે મિથ્યાદ્રષ્ટિને તેવો શુભભાવ હોતો જ નથી. સમ્યગ્દ્રષ્ટિને શુભરાગથી તીર્થંકર નામકર્મ બંધાય છે પણ તે સમ્યગ્દ્રષ્ટિ તો તીર્થંકર નામકર્મનો પોતામાં અભાવ માને છે, માટે તેનાથી પરંપરા પોતાનું કલ્યાણ થશે–એમ તે ખરેખર માનતા નથી. ક્યાંય નિમિત્તથી કથન કર્યું હોય તો ત્યાં યથાર્થ સ્થિતિ આ પ્રમાણે સમજે છે કે ખરેખર આ રાગવડે કે તીર્થંકર નામકર્મ વડે મારું કલ્યાણ નથી પણ જ્યારે સ્વભાવના આશ્રયે તે રાગને ટાળીશ ત્યારે મારું પૂર્ણ કલ્યાણ થશે. એ જ પ્રમાણે ક્યાંક નિમિત્તથી કર્મને દુઃખદાયક કહ્યું હોય તો ત્યાં પણ ધર્મી જીવ એમ સમજે છે કે ખરેખર જડકર્મ જીવને દુઃખ દેતા નથી, પણ કર્મ તરફના વલણવાળો વિકારીભાવ જ દુઃખરૂપ છે. કર્મ તરફની બુદ્ધિ છોડાવીને આત્મા તરફની બુદ્ધિ કરાવવા માટે નિમિત્તથી કર્મને દુઃખનું બીજ કહ્યું છે, ખરેખર આત્મામાં કર્મનો અભાવ છે. આત્મામાં એક એવો ધર્મ છે કે તે સમસ્ત અન્ય પદાર્થોથી ખાલી છે, –આવા એકાકી આત્માને જાણનાર 'શૂન્યનય' છે તે શ્રુતજ્ઞાનપ્રમાણનો એક અંશ છે.

–અહીં ૨૨મા શૂન્યનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

## ( ૨૩ ) અશૂન્યનયે આત્માનું વર્ણન

આત્મદ્રવ્ય અશૂન્યનયે, લોકોથી ભરેલા વહાણની માફક, મિલિત ભાસે છે. આત્માના જ્ઞાનમાં બધાય જ્ઞેયો ભાસે છે, તેથી જાણે કે જ્ઞાનરૂપી વહાણમાં આખો લોકાલોક ભરેલો હોય–એમ આત્મા ભરેલો દેખાય છે. જુઓ તો ખરા! વન–જંગલમાં આત્માના અનુભવમાં ઝૂલતા ઝૂલતા સંતોએ ચૈતન્યનો કેવો અદ્ભુત મહિમા ગાયો છે! શૂન્યનયથી આત્માને પરપદાર્થોથી ખાલી કહ્યો તેથી કાંઈ તેનો મહિમા ઘટી જતો નથી તે બતાવવા માટે અશૂન્યનયથી કહ્યું કે આત્માના જ્ઞાનમાં જાણે કે લોકાલોક ભરેલા હોય–એવું તેનું અચિંત્ય જ્ઞાનસામર્થ્ય છે. પરને જાણવા માટે આત્માને પરસન્મુખ જોવું પડતું નથી પણ જ્ઞાનમાં એકાગ્ર થતાં પોતે જ બધા જ્ઞેયોથી ભરાઈ જાય છે એટલે કે બધા જ્ઞેયોને જાણી લે છે. ખરેખર કાંઈ જ્ઞેયો જ્ઞાનમાં આવી જતા નથી, પણ જ્ઞાનમાં તે બધા જણાય છે તે અપેક્ષાએ આત્માને મિલિત કહ્યો છે.

દરિયામાં તરતું વહાણ તેમાં બેઠેલા માણસોથી ભરેલું છે, પણ બહાર કાંઠા ઉપર ઊભેલા માણસોથી કાંઈ તે ભરેલું નથી, તેમ આત્મા પોતામાં રહેલા અનંતધર્મોથી ભરપૂર છે પણ બહારના પર પદાર્થોથી તે ભરેલો નથી. અસંખ્યપ્રદેશી ભગવાન આત્મા લોકમાં તરતું વહાણ છે, તે પ્રદેશે–પ્રદેશે અનંત ગુણોથી ભરચક ભરેલો છે; પરથી ખાલી છે પણ પરના જ્ઞાનથી ભરેલો છે. જ્ઞાન તો પોતાનું છે. પણ જ્ઞાનના સ્વ–પરપ્રકાશક સ્વભાવમાં લોકાલોકના બધા પદાર્થો જણાય છે એટલે જાણે કે આત્મા તે જ્ઞેયો સાથે મળી ગયેલો હોય–એમ ઉપચારથી તેને મિલિત કહ્યો છે. ખરેખર કાંઈ આત્મામાં પરજ્ઞેયો ભર્યાં નથી, આત્મા તો પોતાના દ્રવ્ય–ગુણ–પર્યાયથી ભરેલો છે. જેમ માણસોથી ભરેલું વહાણ પોતે તરતું તરતું ચાલ્યું જાય છે તેમ પોતાના ગુણ–પર્યાયથી ભરેલો આત્મા પરિણમ્યા કરે છે અને જે જીવ આવા આત્માનો આશ્રય લ્યે તે જીવ સંસાર–સમુદ્રને તરી જાય છે. જે જીવ અંતર્મુખ થઈને પોતાના આત્માને સાધે છે એવા સાધક જીવના નયોનું આ વર્ણન છે, આ નયો અંતર્મુખ જાુએ છે. આગળ એ વાત ખાસ ભારપૂર્વક કહેવાઈ ગઈ છે કે કોઈ પણ નયથી આત્માને લક્ષમાં લેનારની દ્રષ્ટિ અંતરમાં શુદ્ધ આત્મા ઉપર જ પડી છે; કેમકે આ ધર્મો કોઈ નિમિત્તના આશ્રયે, રાગના આશ્રયે કે ક્ષણિક પર્યાયના આશ્રયે રહેલા નથી; તેમજ એકેક ધર્મ જાુદો રહેલો નથી, પણ અખંડ આત્મદ્રવ્યના આશ્રયે જ બધા ધર્મો રહેલા છે, માટે તે અખંડ આત્માની દ્રષ્ટિપૂર્વક જ તેના ધર્મનો યથાર્થ સ્વીકાર થાય છે.

જેમ વહાણમાં માણસો ભર્યા હોય ત્યાં વહાણ ભરેલું દેખાય છે, તેમ આત્માના જ્ઞાનમાં અનંતા જ્ઞેયો જણાતાં આત્મા પણ ભરેલો દેખાય છે; પર પદાર્થોનું જ્ઞાન પણ આત્મામાં નથી–એમ નથી. પોતાના જ્ઞાનસ્વભાવથી પરવસ્તુને પણ આત્મા જાણે છે, તેથી અનંત જ્ઞેયોના જ્ઞાનથી તે ભરેલો છે; આવા જ્ઞાનસામર્થ્યને લીધે બધાય જ્ઞેયો જાણે કે જ્ઞાનમાં આવી ગયા હોય....જ્ઞાનમાં ઊતરી ગયા હોય....જ્ઞાનમાં ડૂબી ગયા હોય...એમ જ્ઞાન ભરેલું લાગે છે. જેમ સ્વચ્છ અરીસામાં રંગબેરંગી પદાર્થો ઝળકતાં અરીસો તેનાથી ભરેલો લાગે છે, તેમ આત્માના સ્વચ્છ જ્ઞાનમાં બધા જ્ઞેયો જણાતાં આત્મા પણ બધા જ્ઞેયોથી ભરેલો લાગે છે. જ્ઞાનમાં એકાગ્ર થતાં પોતાના જ્ઞાનમાં બધું જણાઈ જાય છે. કોઈ પૂછે કે, ભગવાનને ક્યાં શોધવા? –તો કહે છે કે તારા જ્ઞાનમાં! અનંતા તીર્થંકરો–સિદ્ધો અને સંતોને બહારમાં ગોતવા જવું પડે તેમ નથી, પોતાના જ્ઞાનમાં તે બધા જણાય છે એટલે જ્ઞાનમાં જ તે બધા બિરાજતા હોય–એમ જણાય છે. માટે તું તારા જ્ઞાન સામે જોઈને તારા જ્ઞાનસામર્થ્યની પ્રતીત કર. અનંતા સિદ્ધભગવંતો, કેવળી ભગવંતો તેમ જ ધર્મ–અધર્મ–આકાશ ને કાળ તથા અનંતા પુદ્ગલો વગેરે બધાયના જ્ઞાનથી આત્મા ભરેલો છે; આવા આત્માને ઓળખીને તેની દ્રષ્ટિ કરે તો સ્વાધીનદ્રષ્ટિ અને સમ્યગ્જ્ઞાન થાય છે.

જેમ લીંડીપીપરમાં ચોસઠપોરી તીખાશ પ્રગટવાનો સ્વભાવ છે તેમાંથી જ તે પ્રગટે છે; તેમ હું મારામાં કેવળજ્ઞાનાદિ જે પર્યાય પ્રગટ કરવા માગું છું તેનું સામર્થ્ય મારા સ્વભાવમાં ભરેલું છે; વર્તમાન પર્યાય વિકારમાં અટકતી હોવા છતાં પૂર્ણ શક્તિથી મારો આત્મા ભરેલો છે. તેમાંથી જ પૂર્ણતા આવે છે, ક્યાંય બહારથી આવતી નથી. –આમ સાધકજીવ પોતાના સ્વભાવસામર્થ્યને જાણે છે; એટલે ક્યાંય બહારના અવલંબને મારી પર્યાયમાં વિકાસ થશે–એમ તે માનતા નથી, મારી અંતર્શક્તિનું જેટલું અવલંબન લઉં તેટલો મારી પર્યાયમાં વિકાસ થાય. મારી પર્યાય વર્તમાનમાં ઓછી છે ને તે પૂર્ણ કરવાની છે, તો તે પૂરી પર્યાય ક્યાંથી આવશે? કે આત્માનો ધ્રુવસ્વભાવ પૂર્ણતાથી ભરેલો છે તેમાંથી જ પૂરી પર્યાય આવશે. નિમિત્તોથી તો આત્મા ખાલી છે એટલે તે નિમિત્તોના સંગથી પૂર્ણ પર્યાય નહિ આવે, તેમજ વર્તમાન પર્યાય પોતે ઓછી છે તેમાંથી પણ પૂરી પર્યાય નહિ આવે; જે પૂર્ણ સામર્થ્યથી સદા ભરપૂર છે એવા સ્વભાવમાં એકાગ્રતાથી જ પૂર્ણ પર્યાય પ્રગટી જશે. આત્મા પોતે પૂર્ણ સામર્થ્યથી ભરેલો છે તો પછી પરનો આશ્રય લેવાની જરૂર ક્યાં રહી? અને પરથી તો આત્મા ખાલી છે માટે પરનો આશ્રય લેવાનું ક્યાં રહ્યું? –આ રીતે આત્માના ધર્મોની પ્રતીત કરતાં સ્વાશ્રય જ આવે છે, અને સ્વભાવના આશ્રયે પર્યાય નિર્મળ થતી જાય છે.

જાુઓ, આચાર્યભગવાને આત્માની કેવી સરસ અને મીઠી વાત કરી છે! આ વાત સાંભળતાં પોતાને અંતરમાં તેનો રસ આવવો જોઈએ અને અપૂર્વતા ભાસવી જોઈએ. અંતરમાં આત્માનો રસ લાવીને આ વાત સમજશે તેનું અપૂર્વ કલ્યાણ થશે.

–અહીં ૨૩મા અશૂન્યનયથી આત્માનું વર્ણન પૂરું થયું.

# સુ....વ....ર્ણ....પુ....રી....સ....મા....ચા....ર

* સવારના પ્રવચનમાં શ્રી કાર્તિકેયસ્વામી રચિત દ્વાદશઅનુપ્રેક્ષા વંચાતી હતી, તે આસો સુદ ત્રીજે પૂર્ણ થયેલ છે; અને આસો સુદ ચોથથી શ્રી મોક્ષમાર્ગપ્રકાશકનું વાંચન શરૂ થયું છે. બપોરના પ્રવચનમાં બૃહત્ દ્રવ્યસંગ્રહ ચાલે છે.

* આસો સુદ એકમે મોદી નાગરદાસ દેવચંદને ત્યાં વાસ્તુ હતું; આ પ્રસંગ નિમિત્તે તેમણે પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન પોતાને ઘેર કરાવ્યું હતું, અને લગભગ ૩૦૦–રૂ।. જુદા જુદા ખાતામાં અર્પણ કર્યા હતા.

* આસો સુદ પાંચમે પારેખ લીલાધર ડાહ્યાભાઈના મકાનનું વાસ્તુ હતું; આ પ્રસંગ નિમિત્તે તેમણે પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન પોતાને ઘેર કરાવ્યું હતું, અને લગભગ હજારેક રૂ।. જુદા જુદા ખાતામાં અર્પણ કર્યા હતા.

* આસો સુદ સાતમે દેહગામવાળા કેશવલાલ ગુલાબચંદ તથા કરાંચીવાળા કાશીબેન–એ બંનેના મકાનનું વાસ્તુ હતું; આ પ્રસંગ નિમિત્તે તેમણે પૂ. ગુરુદેવશ્રીનું પ્રવચન પોતાને ઘેર કરાવ્યું હતું અને લગભગ ૨૫૦/–રૂ।. જુદા જુદા ખાતામાં અર્પણ કર્યા હતા.

* શ્રી બોટાદ શહેરમાં દિગંબર જિનમંદિર તૈયાર થાય છે. બોટાદના એક મુમુક્ષુભાઈશ્રી શેઠ જેઠાલાલ સંઘજીભાઈ શાહ તથા તેમના કુટુંબી ભાઈઓ તરફથી શરૂઆતમાં આ જિનમંદિર બાંધવા માટે રૂ।. ૨૦૦૦૦/ વીસ હજારની ઉદાર રકમ આપવામાં આવી હતી. ત્યારબાદ હમણાં ભાદરવા માસમાં તેઓ કુટુંબસહિત પૂ. ગુરુદેવશ્રીનો લાભ લેવા માટે સોનગઢ આવ્યા હતા; તે પ્રસંગે ભાદરવા વદ ચૌદસે પોતાને ઉલ્લાસ આવતાં બીજા રૂ।. ૭૫૦૦–સાડા સાત હજાર બોટાદ જિનમંદિરને ઉદારતાપૂર્વક અર્પણ કરવાનું જાહેર કરેલ છે. તે રકમ પણ તેમના કુટુંબો તરફની છે. આ જાહેરાત કરી તે પ્રસંગે તેમણે પૂ. ગુરુદેવશ્રી પ્રત્યેનો ભક્તિભાવ તથા ઉલ્લાસ વ્યક્ત કર્યા હતા. શેઠ શ્રી જેઠાલાલ ભાઈની આ ઉદારતાથી બોટાદ વગેરેના મુમુક્ષુજનોને હર્ષ થયો છે અને બોટાદના જિનમંદિરનું બાકીનું કામ જલદી પૂરું કરવામાં વેગ મળ્યો છે. આ માટે તેમને ધન્યવાદ!

# વાંકાનેરમાં જિનમંદિરનું ખાતમુહૂર્ત

* પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રીના પુનીત પ્રભાવે વીતરાગી જૈનધર્મની મહાપ્રભાવના દિનપ્રતિદિન ખૂબ ઝડપથી વધી રહી છે અને ઠેર ઠેર વીતરાગી જિનમંદિરો થાય છે. આસો વદ સાતમના મંગલદિને શ્રી વાંકાનેરમાં પણ વર્દ્ધમાન ભગવાનના દિગંબર જિનમંદિરનું ખાતમુહૂર્ત મુમુક્ષુઓના ઘણા ઉલ્લાસપૂર્વક ભાઈશ્રી ખીમચંદ જેઠાલાલ શેઠ તથા તેમના ધર્મપત્ની જયાકુંવરબેનના સુહસ્તે થયું છે. આ મંગલ પ્રસંગ નિમિત્તે ત્રણ દિવસનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, તેમાં શ્રી જિનેન્દ્રદેવની રથયાત્રા, પૂજન, ભક્તિ, શાસ્ત્રપ્રવચન વગેરે રાખવામાં આવ્યા હતા. ખાતમુહૂર્ત વિધિ બાદ શેઠશ્રી ખીમચંદભાઈએ પોતાને આવો મહાન સુઅવસર પ્રાપ્ત થયો તે બદલ ઉલ્લાસભર્યું પ્રાસંગિક પ્રવચન કર્યું હતું; અને આ પ્રસંગે તેમના તરફથી પોતાના પિતાશ્રી જેઠાલાલ ડાહ્યાભાઈના નામથી રૂ।. ત્રણ હજાર, પોતાના માતુશ્રી પુતળીબાઈના નામથી રૂ।. ત્રણ હજાર તથા જિનમંદિરના એક પ્રતિમાજીને માટે રૂ।. ૧૫૦૧–એ રીતે એકંદર રૂ।. ૭૫૦૧–શ્રી વાંકાનેર જિનમંદિરને અર્પણ કરવાનું જાહેર કર્યું હતું.

આ ઉપરાંત વાંકાનેરના આગેવાન કાર્યકર્તા શેઠ શ્રી છગનલાલ ભાઈચંદ શાહ પણ ખૂબ ઉલ્લાસપૂર્વક ભાગ લઈ રહ્યા છે અને જિનમંદિર માટે અત્યાર સુધીમાં તેમના તરફથી તથા તેમના ધર્મપત્ની હેમકુંવરબેન તરફથી એકંદર રૂ।. સાડા પાંચ હજાર અર્પણ કરવામાં આવ્યા છે. ખાતમુહૂર્ત પ્રસંગે બીજા ભક્તજનોએ પણ ઉલ્લાસપૂર્વક ભાગ લીધો હતો અને જિનમંદિરનું એકંદર ફંડ લગભગ પચીસ હજારનું થયું હતું. (અગાઉ જગ્યા લેવા માટે થયેલા ફંડનો પણ તેમાં સમાવેશ થઈ જાય છે.)

વાંકાનેરની ભૂમિ પૂ. બેનશ્રી–બેનજીના નિવાસથી પાવન થઈ થયેલી છે, તે પણ ત્યાંના મુમુક્ષુઓને ઉલ્લાસનું કારણ છે. વાંકાનેરમાં આ મંગલકાર્યની શરૂઆત કરવા માટે ત્યાંના મુમુક્ષુઓને ધન્યવાદ!

# શું કરવું ?

* ઘણા જીવો એમ પૂછે છે કે અમને ધર્મ કરવાની જિજ્ઞાસા તો છે, અમને આત્મ–કલ્યાણ કરવાની ભાવના તો છે, પણ તેને માટે શું કરવું ? તેની અમને સૂઝ પડતી નથી.

–એવા જિજ્ઞાસુ જીવોને, 'ધર્મ કરવા માટે શું કરવું' તે અહીં પૂ. ગુરુદેવશ્રી સહેલી રીતે સમજાવે છે :

* જુઓ ભાઈ ! જગતમાં નીચે પ્રમાણે ચાર પ્રકારની ચીજો છે–

(૧) સંયોગી પર વસ્તુઓ
(આત્મા સિવાયની બીજી ચીજો)

(૨) વિકારી ભાવો
(આત્માને થતી શુભ–અશુભ લાગણીઓ)

(૩) ક્ષણિક પર્યાય
(પરને તથા રાગને જાણતું જ્ઞાન, વગેરે)

(૪) ધ્રુવ જ્ઞાનસ્વભાવી વસ્તુ
(ત્રિકાળ ટકનાર શુદ્ધ આત્મા)

–આ પ્રમાણે ચાર બોલનું અસ્તિત્વ પહેલાં નક્કી કરો, કે જગતમાં એ ચાર પ્રકારો છે કે નહિ ? એ ચાર પ્રકારમાં આખું જગત આવી જાય છે.

* જ્ઞાનમાં તે ચાર પ્રકારોનું અસ્તિત્વ ભાસ્યા પછી અંતરમાં વિચાર કરો કે તે ચાર પ્રકારની ચીજોમાંથી કોની સન્મુખ જોવાથી કલ્યાણ થાય ? –કોના અવલંબનથી શાંતિ થાય ? –કઈ વસ્તુ આત્મકલ્યાણનો આધાર થઈ શકે ?

* ઉપર પ્રમાણે ઊંડો વિચાર કરીને પછી નિર્ણય કરો કે તે ચાર પ્રકારના પદાર્થોમાંથી ત્રિકાળ ટકનાર જ્ઞાનસ્વભાવી આત્માના આશ્રયે જ કલ્યાણ થાય, તેની સન્મુખ જોવાથી જ શાંતિ પ્રગટે, તે જ આત્મકલ્યાણનો આધાર થઈ શકે; એ સિવાય બીજા કોઈના આશ્રયે શાંતિ કે કલ્યાણ થાય નહિ. કેમકે–

(૧) આત્મા સિવાયની સંયોગી પરવસ્તુઓ તો પોતાથી જુદી છે, એટલે તેમાંથી આત્માનું કલ્યાણ આવે નહિ;

(૨) શુભ કે અશુભ વિકારી લાગણીઓ ક્ષણિક અને નાશવંત છે, તથા તે પોતે અશાંતિરૂપ છે, તેથી આત્માની શાંતિને માટે શરણભૂત થઈ શકે એવું સામર્થ્ય તેનામાં નથી;

(૩) જ્ઞાન વગેરેની ક્ષણિક પર્યાય પણ નવી નવી બદલાયા કરે છે, તે પોતે સ્થિર રહેતી નથી, એટલે તે પર્યાયની સામે જોવાથી પણ દૃષ્ટિ સ્થિર થઈ શકતી નથી;

(૪) ધ્રુવ જ્ઞાનસ્વભાવી આત્મા સદા એવો ને એવો શક્તિપણે પરિપૂર્ણ બિરાજમાન છે, તે જ આશ્રયભૂત અને શરણભૂત થઈ શકે તેવો છે; વળી આવો શુદ્ધ આત્મા તે પોતાથી કોઈ ભિન્ન ચીજ નથી, પણ સ્વતઃ પોતે જ છે.

–એ પ્રમાણે પાકો નિર્ણય કરીને તે ત્રિકાળી આત્મસ્વભાવનો જ અંતરમાં મહિમા કરો....તેની રુચિ કરો.........તેનું મંથન કરો...ને તેની સન્મુખ થઈ તેનું અવલંબન કરો. તે પરમ મહિમાવંત વસ્તુના અવલંબને જ શાંતિ છે, તેના અવલંબને જ ધર્મ છે, તેના અવલંબને જ કલ્યાણ છે, તેના અવલંબને જ સુખ છે, તેના અવલંબને જ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર છે, તેના અવલંબને જ મોક્ષ છે, તે જ એક શરણભૂત છે.

–આ રીતે, ધર્મ કરવા માટે જિજ્ઞાસુઓએ શું કરવું તે ટૂંકામાં અને તદ્દન સહેલી રીતે બતાવ્યું.

પ્રકાશક :– શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જમનાદાસ માણેકચંદ રવાણી, મોટા આંકડિયા (જિલ્લા અમરેલી)
મુદ્રક :– રવાણી એન્ડ કંપની વતી જમનાદાસ માણેકચંદ રવાણી, અનેકાન્ત મુદ્રણાલય : મોટા આંકડિયા, તા. ૧૯–૧૦–૫૨